<u>પ્રકરણ</u>

<u>૧</u>

(લોકસાહિત્ય અને દુહાનો પરિચય)

જ્યારે સાહિત્યની વિભાવના બાંધવાની વાત કરીએ ત્યારે સૌ પ્રથમ સાહિત્યના બે પ્રકારની વાત કરવી રહીઃ (૧) શિષ્ટ સાહિત્ય અને (૨) લોકસાહિત્ય.

શિષ્ટ સાહિત્ય એટલે સર્જક દ્વારા લખાયેલું સાહિત્ય. તેમાં સર્જકે પોતાના અનુભવોનું સાધારણીકરણ કરેલું હોય છે. પોતાના અનુભવોને પોતાની આગવી શૈલીમાં ભાવક સમક્ષ મૂક્યા હોય છે. શિષ્ટ સાહિત્યમાં સર્જક પોતાની કૃતિને શ્રેષ્ઠ બનાવવા શબ્દ અને અર્થનું સાયુજ્ય સાધે છે. પોતાની કૃતિને શ્રેષ્ઠ બનાવવા અનેકવિધ યુક્તિ અને પ્રયુક્તિઓનો ઉપયોગ કરીને કૃતિને અસાધારણ સ્વરૂપ આપવાનો પ્રયત્ન કરે છે. તેના માટે તે સાહિત્યનાં તમામ તત્ત્વોને તપાસી અને નાણી જુએ છે. કૃતિને ઉપકારક એવાં તમામ તત્ત્વોનો-પાસાંનો ઉપયોગ કરી લે છે. પરિણામે કૃતિ એના ભાવકના મનોજગતમાં ધારી અસર ઉપજાવી શકે છે અને તે સ્થળ-સમયને અતિક્રમી જાય છે. આવી કૃતિઓના પ્રભાવને કોઈ સ્થળ-સમયનાં બંધન હોતાં નથી. તો ક્યારેક આથી તદ્દન વિરુદ્ધ પ્રકારની સ્થિતિ પણ જોવા મળે છે. અમુક સાહિત્ય અમુક સમય પૂરતું રચાય છે અને તે કાળ પૂર્ણ થતાં એ સાહિત્યની કોઈ અસર રહેતી નથી. અભ્યાસની સરળતા ખાતર શિષ્ટ સાહિત્યને આપણે બે ભાગમાં વિભાજિત કરી શકીએઃ (૧) લલિત સાહિત્ય અને (૨) લલિતેતરસાહિત્ય.

લલિત સાહિત્ય એટલે જે સાહિત્ય આનંદ આપવા માટે લખાય છે તે. લલિત સાહિત્યના ત્રણ પ્રકાર પાડી શકાયઃ (૧) કાવ્ય (૨) કથા અને (૩) નાટક. કાવ્યની અંદર તેના બીજા અનેક પેટાપ્રકાર પડે છે. તેનો વ્યાપ મહાકાવ્યથી હાઈકુ સુધીનો હોય છે. કથાસાહિત્યમાં નવલિકા, લઘુનવલિકા, નવલકથા, લઘુનવલકથા, મહાનવલકથા, નિબંધ, આત્મકથા, રેખાચિત્ર વગેરેનો સમાવેશ કરી શકાય છે, જ્યારે નાટકમાં એકાંકી અને નાટક જેવા પ્રકારો આવે, તો પત્ર, પ્રવાસ, ડાયરી વગેરે લલિત સાહિત્ય અને લલિતેતર સાહિત્ય વચ્ચે આવે છે.

લલિતેતર સાહિત્યમાં મુખ્યત્વે સાહિત્યમીમાંસાનો સમાવેશ થાય છે. સાહિત્યને લગતાં પ્રશ્નો, સિદ્ધાંતો, ધારણાઓ, ખ્યાલો, નિયમો વગેરેને લલિતેતર સાહિત્યમાં મૂકી શકાય, તે આનંદ આપવા માટે નથી હોતાં પણ સાહિત્યનો તલસ્પર્શી અભ્યાસ કરવા માટે હોય છે. લલિતેતર

સાહિત્યનો ઈતિહાસ પણ લલિત સાહિત્યના ઈતિહાસ જેટલો જ જૂનો છે. આપણે ત્યાં આચાર્ય ભરતથી માંડીને આજ સુધીની સુદીર્ઘ પરંપરા છે.

શિષ્ટ સાહિત્ય એ કોઈ પણ ભાષાનો સમૃદ્ધ કલાવારસો બતાવે છે. ગુજરાતી ભાષાની વાત કરીએ તો નરસિંહ મહેતાથી લઈને આજ સુધીનો એક સુદીર્ઘ ઈતિહાસ છે.

સાહિત્યનો બીજો પ્રકાર એટલે લોકસાહિત્ય. જેની અહીં વિગતે વાત કરવાનો ઉપક્રમ છે. લોકસાહિત્ય એટલે લોકો દ્વારા, લોકો માટે અને લોકબોલીમાં રચાયેલું લોકોનું કંઠસ્થ સાહિત્ય. તે મૌખિક પરંપરાથી પ્રાચીનકાળથી આજ સુધી જળવાતું આવ્યું છે. તેનાં મૂળની તપાસ કરીએ તો માનવીના આદિમ વિકાસથી તેની સાથે લોકસાહિત્ય રહેલું છે. આદિમાનવે સમૂહમાં રહેવાની શરૂઆત કરી ત્યારથી પોતાની ઊર્મિઓને કોઈ ને કોઈ સ્વરૂપે વહાવવાનું શરૂ કર્યું. આપણે ત્યાં વૈદિકયુગથી મૌખિક પરંપરા ચાલી આવે છે. વેદની ઋચાઓ આ રીતે જ જીવતી રહી હતી અને લિખિત ભાષા શોધતાં તે લિખિત સ્વરૂપ પામી હતી. પણ સમાજનો એક વર્ગ એવો હતો જે લિખિત ભાષાના માધ્યમથી અજાણ હતો, તે લોકો પોતાના રોજિંદા જીવનમાં બનતા પ્રસંગો કે ઘટનાઓનું પોતાની ભાષામાં નિરૂપણ કરતા તે સમયાંતરે સમાજના તમામ લોકોમાં પ્રચલિત થઈ જતું. તેને આપણે 'લોકસાહિત્ય' કહી શકીએ - ઓળખી શકીએ.

'લોકસાહિત્ય' શબ્દને ધ્યાનથી જોતાં તેમાં બે શબ્દોનું સંયોજન થયેલું દેખાય છે - લોક - સાહિત્ય. લોકસાહિત્ય શબ્દ આપણે ત્યાં અંગ્રેજી સાહિત્યની અસર તળે ઊતરી આવ્યો છે, એવું અનુમાન ખોડીદાસ પરમાર 'ગુજરાતના લોકગીતો'ના પ્રવેશકમાં કરે છે. કનુભાઈ જાની લોકસાહિત્ય માટે 'લોકવાઙ્મય' શબ્દ પ્રયોગ કરે છે. અંગ્રેજી ભાષામાં મૌખિક પરંપરાની વિદ્યાઓ માટે Folk -Lore શબ્દનો પ્રયોગ થાય છે. એના પર્યાયરૂપે ગુજરાતી 'લોકવિદ્યા' શબ્દપ્રયોગ થયો અને લોકસાહિત્ય માટે Folk Literature શબ્દપ્રયોગ થાય છે. અંગ્રેજી Folk અને ગુજરાતી 'લોક' શબ્દ વચ્ચે અર્થભેદ છે. ઍંગ્લોસેક્ષન Folc પરથી અંગ્રેજી Folk અને જર્મન

Voik શબ્દો ઊતરી આવેલા છે. એન્સાઈક્લોપિડિયા ઓફ બ્રિટાનિકાના વોલ્યુમ નં-૯માં Folkને સમજાવતાં જણાવાયું છે કે Folkના બે અર્થો છેઃ

(૧) આદિમ સમાજ કે સામાન્ય સંસ્કૃત સમાજ

(૨) સભ્ય રાષ્ટ્રની સમગ્ર જનતા.

આમ, એક તરફથી અસભ્ય કે અવિકસિત સમાજ માટે આ શબ્દ પ્રયોજાય છે તો બીજી તરફ સમગ્ર વિકસિત કે વિકાસમાન રાષ્ટ્ર માટે. એટલે કે આ શબ્દ અનેકાર્થી થઈને અતિવ્યાપ્તિનો દોષ પામ્યો છે. એને ચોક્કસ પારિભાષિક શબ્દ તરીકે લેવામાં આવે તો એનો અર્થ એટલો જ કે જેને મૌખિક પરંપરા છે તે કહેવાય 'લોક'. જ્યારે આપણો 'લોક' શબ્દ વેદ જેટલો પ્રાચીન છે. તેનો વિશાળ અર્થ લઈએ તો 'ઈહલોક', 'પરલોક', 'ત્રિલોક' આદિ વિશાળ અર્થ થાય છે. સમયાંતરે 'લોક' શબ્દ સંકોચન પામીને ગામડાંના છેવાડાના લોકો માટે વપરાવા લાગ્યો. જે લોકો ખેતીનું કામ કરતા તેના માટે ઉજળિયાત વરણ 'લોક' શબ્દ પ્રયોજતા, તેના લીધે 'લોક' શબ્દની વિશાળ ગરિમા લુપ્ત થઈ, તેના સ્થાને જનસામાન્ય માટે વપરાવવા લાગ્યો. કનુભાઈ જાનીએ આ સંદર્ભમાં લોકના બે અર્થ બતાવ્યા છેઃ ૧) ઈહ, પર, ત્રિલોક આદિ વિસ્તૃત અર્થવાળો, ૨) જન સામાન્ય દર્શાવતો બીજો અર્થ, તેનો અર્થ અસંસ્કૃત, સામાન્ય કે ઈતરજન પણ થાય છે. તેઓ 'લોક'ને Folkના પર્યાય તરીકે સ્વીકારે છે. ટૂંકમાં, લોકસાહિત્ય શબ્દ અંગ્રેજી સાહિત્યની અસર હેઠળ આવ્યો છે. તેમાં લોક અને સાહિત્ય બન્ને શબ્દો અંગ્રેજી Folk Literatureની અસર ધરાવે છે.

લોકવ્યવહારના મૂળમાં એક અર્થપૂર્ણ સ્વભાવ હોય છે, જે સ્વભાવ પ્રત્યક્ષરૂપમાં નથી હોતો પણ ગૂઢ અને ગોપન અવસ્થામાં રહેલો હોય છે. લોકસ્વભાવનાં ચેતન-અચેતન તત્ત્વો જ્યારે શબ્દ દ્વારા પ્રગટે છે ત્યારે લોકસાહિત્ય સર્જાય છે. લોકસાહિત્યમાં જીવન અને જગતનું મિલન થાય છે. પ્રાચીન સમયથી વહ્યા આવતા પ્રવાહમાં અનેક ફેરફારો સાથે આજે આપણી સામે લોકસાહિત્ય આપણા જેવું બનીને ઊભું છે. પરંપરાગત રીતે ચાલ્યા આવતા આ સાહિત્યમાં આદિકાળથી આરંભીને સાંપ્રત સમય સુધીના અંશો જોવા મળે છે. પ્રાચીન સમયથી ચાલી આવતી આપણી

લોકસંસ્કૃતિના સંક્રમણમાંથી સામૂહિક લોકજીવન પસાર થાય છે, પરિવર્તન પામે છે. લોકસંસ્કૃતિ એટલે કે જેને આપણે આપણા અભ્યાસના સાહિત્યમાં લોકવિદ્યા કે લોકશાસ્ત્ર કહીએ છીએ તેમાં સૌથી વધુ કિંમત લોકસાહિત્યની છે. લોકસાહિત્યનું ક્ષેત્ર માનવજીવન જ્યારે શરૂ થયું ત્યારથી લઈ અત્યાર સુધી જેટલું વિકાસ પામ્યું તેના જેટલું વ્યાપક અને વિશાળ છે. લોકસાહિત્યની વ્યાખ્યાઓ જોઈએ તો,

(1.1) લોકસાહિત્યની વિભિન્ન વ્યાખ્યાઓ :

❖ અંગ્રેજી વ્યાખ્યાઓ :

(૧) એન્સાઈક્લોપિડિયા ઓફ અમેરિકામાં લોકસાહિત્યની પરિભાષા આ પ્રમાણે છે-

Folklore is the science which embers cell that related to ancient observances and customs to the nations, lceleifs traditions superstition and prejudices of the cozened people. [1]

(૨) આર.આર.મેરિટ લખે છે,

folklore may be said to include the culture of the people which has not been work into the official religionant history to but which is and has always been of self growth. [2]

(૩) એલેક્ઝાન્ડર એચ. ક્રેપ

'લોકસાહિત્ય એટલે લોકોની અલિખિત પરંપરાની સામગ્રી, નાગરિક સંસ્કૃતિ અને શૈક્ષણિક સંસ્કૃતિથી જુદું એવું નિરક્ષરોનું સાહિત્ય.'

(૪) એલન ડુંડીસ

લોકસાહિત્ય એ સહજ મૌખિક અભિવ્યક્તિ પામેલું સાહિત્ય છે, પરંતુ તમામ મૌખિક અભિવ્યક્તિ એ લોકસાહિત્ય નથી.

(૫) ડૉ. બાર્કર

'લોકસાહિત્ય એટલે અસંસ્કૃત લોકોનું જ્ઞાન, સંસ્કૃતિથી દૂર રહેવાવાળા જાતિસમૂહોનું જ્ઞાન.'

(૬) માર્ટિન ગો.

Folk tale is the father of all fiction; folk song is of all poetry.

❖ ***<u>हिन्दी व्याख्याएं देखीए</u>***

(१) डॉ. हजारी प्रसाद द्विवेदी

जो चीज लोक चित से सीधे उत्पन्न हो साधारणजन को आंदोलित करती है वे ही लोकसाहित्य नाम से पुकारी जाती है ! [3]

(२) ***डॉ. धीरेन्द्र वर्मा***

एसी मौलिक अभिव्यक्ति जो लोक की युग - युगीन वाली साधना में समाहित रहते हुए जीसमें लोक मानस प्रतिबिम्बित रहता है, लोकसाहित्य है वह मौलिक अभिव्यक्ति है और सामान्य जनसमूह उसे अपना मानता है। [4]

(३) सत्यजीत चेटरजी

परम्परागत जीवनयात्रा की पद्धति जीन सामाजिक आचार-विचार, श्रद्धा के द्वारा अभिव्यक्त होता है उसे लोकसाहित्य कहते है ! [5]

(૪) ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાય

એ યુગોનો પ્રધાન ગુણ જ સ્વાભાવિકતા, સ્વચ્છંદતા ને સરળતાનો હતો. સ્વાભાવિકતા એટલે વન-ઉપવનમાં ખીલતા ફૂલ જેવી, સ્વચ્છંદતા આકાશમાં વિહરતા પક્ષી જેવી અને સરળતા એટલે સરિતાની ધારા જેવી. એ સમયના સાહિત્યના જે કંઈ અંશ બચી ગયા છે એ જ લોકસાહિત્યના મૂળમાં મળી આવે છે.

❖ ગુજરાતી વિદ્વાનોએ આપેલી વ્યાખ્યાઓ :

(૧) ડૉ. પ્રભાશંકર તેરૈયા

લોકસાહિત્ય એટલે વાઙ્મય પુરાવા અને લોકો વડે ઉદ્‌ભવતું સાહિત્ય. [6]

(૨) ઝવેરચંદ મેઘાણી

લોકસાહિત્ય એ બોલતી જનવાણીનો નિચોડ છે. [7]

(૩) જયમલ્લ પરમાર

'લોકસાહિત્ય એટલે જેને કોઈની કૃતિ ન કહેવાય, જે શ્રુતિમાં હોય અને જેનો લોકમાનસની પ્રકૃતિમાં સમાવેશ થતો હોય તે, જેમાં તમામ બોલીઓ અને એવી ભાષાનો સમાવેશ થાય કે જેમાં લોકોનું સાહિત્ય રહેલું હોય તે.' [8]

(૪) કે.કા.શાસ્ત્રી

'આપણી રૂઢ માન્યતા છે કે, 'લોકસાહિત્ય એવું સાહિત્ય છે જે આપણા સુધી લોકપરંપરાથી ઊતરી આવ્યું છે અને જે લોકોની જીભ પર જ રહેલું છે. જે જૂનું પણ હોય છે અને તેનો ઉદ્‌ગમ નવો પણ હોય. આ સાહિત્ય કોઈ એક ચોક્કસ કર્તા કે કર્તાઓની કૃતિ તરીકે જાણવામાં આવ્યું ન હોય.' [9]

(૫) બ.ક. ઠાકોર

'લોકસાહિત્ય કંઠસ્થ થાય છે એ તો ઊર્મિબદ્ધ સૌંદર્યકણોનો ફુવારો કે સૌંદર્ય બિંદુઓનું અનિશ્ચિત પ્રવાહી મનસ્વી આકૃતિમય વાદળ છે.'

(૬) ડૉ. નરેશ વેદ

'લોકસાહિત્ય એ મુખ્યત્વે નિરક્ષર લોકોના મૌખિક શબ્દ દ્વારા સર્જાતું અને સંક્રમિત થતું સાહિત્ય છે. એની અંદર લિખિત સાહિત્યની માફક પદ્ય અને ગદ્ય કથાઓ, ગીતો, નાટ્યો, કહેવતો, ઉખાણાંઓ વગેરેનો સમાવેશ થાય છે. હમણાનાં કે ભૂતકાળનાં લોકો દ્વારા સર્જવામાં આવ્યું હોય છે.' **10**

(૭) પ્રા. જશવંત શેખડીવાલા

'લોકસાહિત્ય એ લોકો દ્વારા લોકો માટે લોકબોલીમાં રચાયેલું કંઠસ્થ સાહિત્ય.'

(૮) નરોત્તમ પલાણ

'લોકસાહિત્ય હંમેશા બોલીઓમાં જ રચાયેલું હોય છે. એમાં મનુષ્યના આદિમ ભાવસંવેદન તથા વાણીવર્તન ઝિલાયેલાં હોય છે અથવા તેમાં વહી ગયેલા સમાજનું હાલ હયાત લોકજાતિનું લોકમાનસ પ્રતિબિંબત થતું હોય છે, એના સર્જનનું કારણ સમગ્ર લોક હોય.' **11**

(૯) ડૉ. નિરંજન રાજ્યગુરુ

'જેનો કોઈ ચોક્કસ કર્તા ન હોય, જેનું સર્જન સમસ્ત લોકસમુદાય દ્વારા થયું હોય, કંઠોપકંઠ લોકોની મુખપરંપરાએ જે સાહિત્ય સચવાઈ આવ્યું હોય તેને જ લોકસાહિત્ય કહેવાય.'

મારિયા લીસે તૈયાર કરેલ 'ડિક્ષનરી ઓફ ફોકલોર'માં ફોકલોરની એકવીસ વ્યાખ્યાઓ આપ્યા પછી પણ એક ચોક્કસ વ્યાખ્યાની આવશ્યકતા સૂચવી છે. કેમ કે, લોકસાહિત્યની એક પણ વ્યાખ્યા સર્વાંગ સંપૂર્ણ જણાતી નથી. આથી તો જીવનપર્યંત લોકસાહિત્યક્ષેત્રે સંશોધન કરનાર

લોકસાહિત્યવિદ કનુભાઈ જાનીએ લોકસાહિત્યની વ્યાખ્યાને બદલે તેમાં શું-શું આવે તેની યાદી કરવાનું સૂચન કર્યું છે. તે જોઈએ-

(૧૦) કનુભાઈ જાની

'લોકસાહિત્યની ઓળખ હું આમ આપું છું, તળપદી ભાષામાં, તળપદા સંસ્કારોને ધારણ કરતી, અજ્ઞાત કર્તૃત્વવાળી, પેઢી દર પેઢી મુખપરંપરાથી ઊતરી આવેલી, સર્જકની સભાન વ્યક્તિમતાનાં લક્ષણો વિનાની, લોકસમાજની મુગ્ધ, નિર્વ્યાજિતા નૈસર્ગિકતાવાળી, ગીત હોય તો ક્યારેક ટેક-ઠેક, નૃત્ય, રમતને સાથે લાવતી, સહેજે યાદ રહી જાય એવા શબ્દપ્રયોગોની રચના કે શબ્દલાઘવવાળી, ઉપદેશવૃત્તિના અભાવવાળી, જે તે સમાજના પ્રાણ ધબકારવાળી, નિર્દંભ સરળ અને ભાવસુંદર, મોટે ભાગે સદ્યોર્મિઓમાં વહેતી, મોટે ભાગે નિરલંકૃત છતાં જો હોય તો લોકકલ્પનાને સૂઝે એવા અલંકારોથી ઓપતી, જે રચનામાં લોકસમૂહને ઘટાડવા - વધારવાની અનુકૂળતા હોય કે છૂટ હોય છે ને એથી જેના પાઠાંતરો અનેક કે અગણ્ય હોય તેવી અથવા જેનો એક નિશ્ચિત અફર પાઠ જ ન હોય તેવી, શબ્દના કે ભાવ-વિચાર-લાગણીના પ્રભુત્વમાત્રથી ધ્યાન ખેંચે તેવી નહિ બલ્કે જેમાં ઉપરથી લદાતું કોઈ જ પ્રભુત્વ કે દેખાડો ન હોય તેવી, સૂક્ષ્મ અંગત સંવેદના કે વિચાર-મંથન-આત્મનિરીક્ષણ-પરીક્ષણ-પૃથક્કરણ આ બધું ન હોય ને તરત પરખાઈ જાય તેવી ઘેરી લાગણીઓ હોય તેવી, આંટીઘૂંટી વિનાની, અત્યંત સરળ રચનાવાળી, મૂળમાં લિખિત કે લિપિબદ્ધ નહિ પણ મુખપરંપરાગત કથ્ય કે ગેય વારસારૂપે સાંપડેલી શબ્દવિદ્યા તે લોકવાઙ્મય.' **12**

(૧૧) ડૉ. બળવંત જાની

'લોકસાહિત્ય એટલે માત્ર ભાષાકીય રચના નહીં એને ચોક્કસ પ્રકારના ઢાળમાં ગાતા આવડવી, ગાતી વખતે અભિનય થવો, આમ એને સંગીત, નૃત્ય સાથે ગાઢ અનુબંધ છે. એ રીતે

લોકસાહિત્ય એટલે ચોક્કસ પ્રકારના પ્રાદેશિક પરંપરિત ઢાળ-ઢંગમાં હાવભાવ સાથે રજૂ કરવા માટેનું, જોવાનું, સાંભળવાનું, માણવાનું, અનુભવવાનું સાહિત્ય.' [13]

વ્યાખ્યાઓને અંતે આટલું તારવી શકીએ કે, 'જે સાહિત્યનો કોઈ એક કર્તા હોતો નથી પણ તેનો કર્તા સમગ્ર સમાજ હોય, તેમાં તમામ લોકસમુદાયની ભાવનાઓનો પડઘો ઝિલાતો હોય, પ્રદેશ પ્રમાણે તેના પાઠાંતરો મળતા હોય અને જે તે પ્રદેશની બોલીના સ્વર તેમાં ગુંજતા હોય એવી સાદી અને સરળ રચના એટલે લોકસાહિત્ય.'

(1.2) વ્યાખ્યાઓ પરથી લોકસાહિત્યનાં લક્ષણો

વ્યાખ્યાઓ પરથી નીચે પ્રમાણે લોકસાહિત્યનાં લક્ષણો તારવી શકાય:

(૧) કર્તાની અજ્ઞાનતા

(૨) સમાજની લાગણીઓ - ભાવનાઓનો પડઘો

(૩) બોલાતી જીવંત ભાષા, માધ્યમ

(૪) એક કરતાં અનેક પાઠાંતરો

(૫) સાદી અને સરળ રચના

(૬) કંઠોપકંઠ રચના

(૭) સમાજજીવન સાથે અનુબંધ

(૮) સમૂહભોગ્ય કલા સ્વરૂપ

(૯) તરતું વહેતું કળા સ્વરૂપ

(૧૦) મૌલિકતાનો આગ્રહ નહીં

ઉપરોક્ત લક્ષણોની ક્રમશઃ વિગતે સમજ મેળવીએ.

૧) કર્તાની અજ્ઞાનતા :

લોકસાહિત્યના કર્તાની અજ્ઞાનતાને સમજાવવા માટે મેઘાણી યોગ્ય જ રૂપક આપે છે, 'ધરતીના કોઈ અગમ્ય અંધારા પડોમાંથી વહેતા આવતા ઝરણાનું મૂળ જેમ કોઈ કદાપિ શોધી શકતું નથી તેમ આ લોકસાહિત્યનાં ઉત્પત્તિસ્થાન પણ વણશોધ્યાં જ રહ્યાં છે.' જગતની ઉત્તમોત્તમ કૃતિઓનો મુકાબલો કરનાર લોકસાહિત્યનો કર્તા ક્યારેય આપણી સામે આવતો નથી. તે આપણને મળે છે મુખપરંપરાની રીતે જ. એક રીતે જોવા જઈએ તો લોકસાહિત્ય એવી રચના છે તે ક્યારેય એક વ્યક્તિની રચના હોતી નથી પણ ખેતરમાં કામ કરતો મજૂર, બળદને હાંકતો ખેડૂત, છાતી સમાણા પાકને લણતી સ્ત્રીઓ, ધાબાને ટીપતી મજૂરણો, ટોળે મળીને ગોરમાને પૂજતી કુમારિકાઓ કે ચાંદની રાતે વ્રતનાં જાગરણોએ જતી યુવતીઓમાંથી કોઈ એક ગીતની કડી રચીને વહેતી મૂકે, સાથેની વ્યક્તિઓ તેને ઉપાડીને તેમાં પોતાની લાગણીઓને ગૂંથે એમાંથી ગીતની રચના થાય. આમાં આપણે એ ગીતનો કર્તા કોને ગણીએ ? આ ભૂમિકા લોકસાહિત્ય સર્જન પાછળ રહેલી હોય છે. જેની પાસે લોકસાહિત્યનું સ્વરૂપ આવે તે તેને બહેલાવે. લોકવાર્તા હોય તો તેનું મોટિફ અકબંધ રહે, આસપાસની પરિસ્થિતિ કથકની ઈચ્છા અનુસાર અને શ્રોતાઓની રુચિ પ્રમાણે બદલાતી રહે. આથી એક જ વાર્તામાં અનેક તાતણાઓ ગૂંથાયેલા આપણને જોવા મળે છે. મૂળ કથાબીજ તો આગળથી આવે છે પણ કથકો બદલાતાં આખી વાર્તા બદલાઈ જાય છે. મૂળ કથામાં કોણે કેટલો ઉમેરો કર્યો તે આપણી નજરમાં આવતું નથી ત્યારે આપણે તેનો કર્તા કોને કહીએ ? જે વ્યક્તિએ ઉમેરો કર્યો એ તો માત્ર આંશિક જ હોય છે.'

ક્યારેક કોઈ કથા કે ગીત આખા પ્રદેશની ભાવનાને લઈને વહેતું હોય છે, તેમાં જે તે પ્રદેશની પ્રેમ, શૌર્ય જેવી લાગણીઓ ગૂંથાતી જતી હોય છે અને તેમાં નવા નવા ઉમેરા થતા રહે છે.

મધ્યકાળમાંથી ઘણી રચનાઓ એવી પણ ઊતરી આવી છે કે તેનો કર્તા ઓછો જાણીતો હોય પણ તે રચના અતિપ્રસિદ્ધ થતાં તે લોકસમુદાયમાં ગુંજતી થઈ જાય છે, જેમ કે, દુહા, સોરઠા. આ રચનાઓમાં ૨૪ માત્રાનું બંધારણ હોય છે. એ કોઈ અભણ વ્યક્તિનું કામ નથી પરંતુ જે તે કાળે ચારણ કવિઓએ લોકડાયરાને જમાવવા માટે એની રચના કરી હશે, એ દુહાઓ લોકકંઠે ગુંજતા થયા હશે અને તેનો કર્તા સાવ ભુલાઈ ગયો હોય એમ બનવા સંભવ છે.

૨) સમાજની લાગણીઓ-ભાવનાઓનો પડઘોઃ

લોકસાહિત્ય કોઈ એક વ્યક્તિની અભિવ્યક્તિ નથી, તેમાં સ્થાન પામેલા ભાવ સમગ્ર સંઘ કે સમાજના હોય છે. લોકસાહિત્યની કૃતિનું સર્જન પ્રારંભે ભલે કોઈ એક વ્યક્તિએ જ કર્યું હોય પરંતુ સર્જક પછી તેના પર સમાજનો અધિકાર છે. પ્રદેશના તળિયે જે ભાવના પડી હોય તેના પર સમાજનો અધિકાર છે. એ જ ભાવના પછી તેના સાહિત્યમાં ઊતરી આવે છે. તે ભાવના તે પ્રદેશના લોકહૈયામાં ગુંજતી હોય છે.

સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં તેની આતિથ્યભાવના પ્રબળ રીતે ગવાય, તેનું પ્રકૃતિ સૌંદર્ય અને નમણાં નર અને નારીનું સૌંદર્ય પણ ત્યાંના લોકસાહિત્યમાં આવવાનું જ. લોકસાહિત્યમાં માત્ર સારી બાબતો જ આવે એવું નથી પણ સમાજમાં ચાલતા દુરાચારો કે અન્યાય જેવી બાબતોને પણ સ્થાન મળ્યું જ છે. સ્ત્રીઓને જે દુઃખો સહન કરવાનાં આવતાં એના એક કરતાં અનેક ઉદાહરણો લોકસાહિત્યમાં મળે જ છે. જુઓ,

'માડી ! બાર બાર વરસે આવિયો રે

માડી ! નો દીઠી પાતળી પરમાર્ય રે જાડેજી મા !

મોલુંમાં દીવો શગ બળે રે

નેવે તે નવરંગ ચુંદડી રે.'[14]

આવાં તો અસંખ્ય ઉદાહરણો આપણે નોંધી શકીએ.

૩) બોલાતી જીવંત ભાષા : માધ્યમ :

લોકસાહિત્ય આકર્ષક બને છે જીવંત બોલીના પ્રયોગથી. લખાતો શબ્દ નહીં પણ બોલાતો શબ્દ લોકસાહિત્યનું વહન કરે છે. ભાવ અને ભાષાનું અદ્‌ભુત સંયોજન લોકસાહિત્યમાં જોવા મળે છે. લોકસાહિત્યમાં બોલાતા શબ્દનું મહત્ત્વ હોય છે. લોકકથામાં તો કથક બોલાતા શબ્દનો જ વિશેષ પ્રયોગ કરે જુઓ,

ચોમાસાના લાંબા દા'ડા સૂતા સા'ય નૈ, બેઠા વાણા વાય નૈ.
ચાલો મા'દેવજી ચોપાટે રમીએ.
કે' આપણું હાર્યું-જીત્યું કોણ કે'શે ?
મા'દેવજીએ તો ડિલનો મેલ ઉતારી એનો બડૂલો બનાવ્યો છે.
એમાં તો જીવ મેલ્યો છે.
બડૂલાં, બડૂલાં, અમારું હાર્યું- જીત્યું કે'જે ?
કે' સારું જ તો. [15]

અહીંયાં લખાતા શબ્દો નહીં પણ બોલાતા શબ્દો માધ્યમ બનીને આવ્યા છે. એ જ એની અસરકારકતા છે. લોકસાહિત્યમાં પ્રાદેશિક બોલીના શબ્દો એના અસલ મિજાજ સાથે આવે છે. પરિણામે પ્રાદેશિક વાતાવરણ આપણી સામે ખડું થાય છે. લોકગીતમાં પણ બોલાતા શબ્દનું મહત્ત્વ જોવા મળે છે. જુઓ,

ઊંચા ઊંચા રે દાદે ગઢ રે ચણાવ્યા

ગઢ રે સરીખા ગોખ મેલીઆ

ગઢડે ચડીને બાઈનો દાદાજી જાવે,

કન્યા ગોરાં ને રાયવર શામળા 16

એ જ ગીત ગુજરાતમાં આમ બન્યું-

ઊંચા મેડી ને ગોખ જાળિયાં
ત્યાં બેસી કન્યાના દાદાજી કહે રે
દીકરી ગોરાં ને રાયવર શામળા
તડકાને તેજે રાયવર શામળા

બન્ને ગીતોમાં પ્રાદેશિક ભાષા આગવું સ્વરૂપ ધારણ કરે છે, બાકી ગીતનો ભાવ તો એક જ છે. લોકગીત કે લોકકથા સાંભળતાં જ આપણે તે ગીત કે કથાનો પ્રદેશ કહી શકીએ છીએ કારણ કે તેની અંદર એ પ્રદેશની ભાષા ગૂંથાયેલી હોય છે. એટલું જ નહીં, પણ ગીત ગાનાર જ્ઞાતિસમૂહને પણ આપણે ઓળખી શકીએ છીએ કારણ કે ગીતમાં આવતા શબ્દો અને લહેકો અલગ પડવાનાં જ. લોકસાહિત્યને શિષ્ટ ભાષામાં ઢાળવાનો પ્રયત્ન કરીએ તો એનો ભાવ માર્યો જાય છે કારણ કે બોલી શિષ્ટ ભાષામાં નિરૂપાતાં જ તેનું આગવાપણું ખોઈ બેસે છે.

૪) એક કરતાં અનેક પાઠાંતરો :

લોકસાહિત્યની કોઈ પણ કૃતિનો એક જ પાઠ હોય તે શક્ય નથી પાઠભેદ-પાઠાંતર એ એની અનિવાર્ય લાક્ષણિકતા હોવાની પ્રતીતિ થાય છે. પાઠાંતરોના કારણે જ લોકસાહિત્યમાં સતત પ્રવાહિતા રહે છે. લોકસાહિત્યનું સ્વરૂપ સતત નવાં નવાં વહેણ પાડીને વહેતી સરિતા જેવું છે. તેનો પ્રવાહ જુદી જુદી જગ્યાએ જુદો જુદો હોય છે.

લોકસાહિત્યનું વાહક છે માણસનું ગળું. તે જળવાય છે કઠંસ્થ પરંપરામાં. માણસને કોઈ બંધન નથી. સદીઓથી માણસ એક જગ્યાએથી બીજી જગ્યાએ અનેકાર્થે વસવાટ કરતો રહ્યો છે. એ જ્યાં જાય છે ત્યાં પોતાની સંસ્કૃતિ સાથે લેતો જાય છે. ગુજરાતી વ્યક્તિ ભલે અમેરિકામાં રહેતો હોય; તે ત્યાં પણ જન્મ, લગ્ન કે મરણની વિધિઓ એની સંસ્કૃતિ પ્રમાણે જ કરવાનો અને

તેમાં લોકસાહિત્ય ધબકવાનું. લોકસાહિત્યના પાઠાંતરનું મુખ્ય કારણ એ છે આપણે ત્યાં કહેવત છે, 'બાર ગાવે બોલી બદલાય'. આ બદલાતી બોલીનાં સ્વરૂપો પણ લોકસાહિત્યના પાઠાંતરો માટે કારણભૂત બને છે.

એ જ રીતે કંઠસ્થ પરંપરામાં રહેલ કથા કે ગીતને રજૂ કરતી વખતે કોઈ પંક્તિ કે શબ્દની વિસ્મૃતિ થાય તો તેની જગ્યાએ તત્કાલ હૈયે ચડતી પંક્તિ કે શબ્દ જોડી દેવામાં આવે. લોકગીતના લયમાં ન બેસે કે ગાવામાં મુશ્કેલી પડે તો પણ પરિવર્તન પામે છે. જુદા જુદા પ્રદેશમાં અને જ્ઞાતિનાં રીતિ-રિવાજોમાં પણ ભેદ હોવાથી લોકો લોકગીતને પોતાની પરંપરાનુસાર નવા રૂપમાં ઢાળે છે. આવાં અનેક કારણોસર લોકસાહિત્યની કૃતિના અનેક પાઠાંતરો મળે, જેટલા વધારે પાઠાંતરો એટલી જ એની જીવંતતા અને લોકપ્રિયતા વધારે.

૫) સાદી અને સરળ રચના :

લોકજીવનની એકધારી ઘટમાળથી થાકેલા, હારેલા, નિરાશ થયેલા લોકોને મનોરંજન મળે, તેને જ્ઞાન સાથે ગમ્મત મળે, તેનાં સુખ-દુઃખ થોડી ક્ષણો માટે વિસરાઈ જાય અને હૃદયની ભીતરમાં રહેલી અકથ્ય વેદનાને વાચા મળે એવો વિશિષ્ટ ઉદ્દેશ લોકકથા અને લોકગીત પાછળ રહેલો છે. વળી લોકસાહિત્યની રચના પ્રયાસ કે પ્રયત્નથી નહીં પરંતુ લોકજીવનના અવ્યક્ત મનમાંથી અચિન્ત્ય રૂપથી અનાયાસે ઉદ્‌ભવતા મનોભાવોની લયાત્મક અભિવ્યક્તિ હોય છે. લોકગીતો એ સાચા અર્થમાં ઊર્મિગીત - સ્વયંસ્ફુરિત ઊર્મિગીત હોવાથી તેનું સર્જન અનાયાસે થાય છે. તેમાં કલાનાં તત્ત્વોની એટલી બધી અપેક્ષા રાખવામાં આવતી નથી. હૈયે વસી જાય, ગાવી ગમી જાય એ એની પ્રથમ શરત બને છે, કારણ કે લોકસાહિત્યના સર્જનનો ઉદ્દેશ અનુભૂતિને અભિવ્યક્તિ આપવાનો છે. લોકકવિનો ઉદ્દેશ ઉત્તમ કલાકૃતિ રચીને લોકોની વાહવાહ મેળવવાનો હોતો નથી કે બીજાને આનંદ આપવા કૃતિની રચના તેઓ કરતા નથી. લોકસમુદાયનો ઉદ્દેશ પોતાના હૃદયની ભીતરી લાગણીઓ વહાવવાનો હોય છે. એટલે જરા પણ કૃત્રિમ નહીં સાવ સાચેસાચું નિરૂપણ લોકસાહિત્યની કૃતિમાં જોવા મળે.

લોકસાહિત્યની કૃતિમાં જે શબ્દ પસંદ થાય છે તે કૃત્રિમ નહીં પણ જીવંત શબ્દ પસંદ થાય છે. તેથી તેમાં સરળતા ભારોભાર ભરી હોય છે. તેમાં શબ્દની ત્રિવિધ શક્તિનો નહીં પણ સરળતાનો મહિમા હોય છે. એમાં જે અંલકારોનો ઉપયોગ થાય તે પણ સાદા અને સરળ હોય છે. આથી આ સાચકલા ઉદ્ગારો હૃદયસ્પર્શી હોય છે. હૈયામાં કોતરાયેલા આ શબ્દોને કાગળ અને કલમની મદદની જરૂર નથી. લોકસાહિત્યની હૃદયસ્પર્શિતાનું રહસ્ય છે તેમાં જોવા મળતી સરળતા ને સાદગીનું. ભાષાની ત્રિવિધ શક્તિમાંથી લોકસાહિત્યમાં મુખ્યત્વે અભિધા દ્વારા કામ ચાલે છે.

લોકસાહિત્યની આ સરળતા અને સાદગી આજના આપણા સાહિત્યકારોની દૃષ્ટિમાં પણ આવી છે. આથી આજની કવિતાઓમાં આ સરળતા અને સાદગી ઊતરી આવી છે.

૬) કંઠોપકંઠ રચના :

લોકસાહિત્યનો ઉદ્ભવ માનવસમાજે જ્યારથી ભાષા શોધી ત્યારથી થયો છે. માણસે પોતાના દૈનિક જીવનની અનેક લાગણીઓને ગીતનું સ્વરૂપ આપ્યું તો પોતાની આસપાસ બનતી ઘટનાઓને કથાનું સ્વરૂપ આપ્યું. આ તમામ વસ્તુઓને તે યાદ રાખતા કંઠોપકંઠ રીતે. શરૂઆતના તબક્કે તેની પાસે લિખિત ભાષાનું શક્તિશાળી માધ્યમ ન હતું, આથી જે કંઈ પણ તેની પાસે આવતું તેને કંઠોપકંઠ યાદ રાખવાનું રહેતું. આપણો ૠગ્વેદ પણ શરૂઆતના તબક્કે કંઠોપકંઠ રીતે જળવાયો હતો. આજે પણ ગામડાંના તળસમાજ પાસે લિખિત ભાષાનું જ્ઞાન નહિવત્ હોય છે. એવી વ્યક્તિ પાસે જ્યારે ગીત આવે છે ત્યારે તેને કંઠોપકંઠ રીતે યાદ રાખે છે. આથી જ લોકગીત કે લોકકથાને જો સમયના પ્રવાહમાં ટકવું હોય તો તેને લોકોના કંઠમાં સ્થાન લેવું પડે. જે લોકોના કંઠમાં સ્થાન મેળવી લે છે તે હંમેશને માટે ટકી જાય છે. જે નથી બેસી શકતું તે સમયના પ્રવાહમાં લુપ્ત થાય છે. આમ, લોકસાહિત્યનો મુખ્ય આધાર લોકકંઠ છે.

૭) સમાજજીવન સાથે અનુબંધ :

લોકસાહિત્ય એ સમાજની પ્રત્યેક વિધિઓ અને ક્રિયાઓ સાથે જોડાયેલું હોય છે. વ્યક્તિના જન્મથી માંડી મૃત્યુ સુધી તેની સાથે લોકસાહિત્ય રહે છે. જન્મતાંની સાથે જ એને માતાના કંઠનાં હાલરડાંનું સંગીત મળે, તો મૃત્યુ પામેલા સ્વજન પાછળના વિલાપોમાં મરશિયાના હૃદયભેદક સૂરો સાંભળવા મળે. લગ્ન જેવા મહત્ત્વના પ્રસંગે સંસારજીવનનું ભાન કરાવતાં લગ્નગીતો સંભળાવાય. એટલું જ નહીં સાથી વિનાની એકલતા કે નસીબે આવતાં દુઃખોમાં પણ લોકસાહિત્ય તેની સાથે રહે ક્યારેક લોકસાહિત્ય વ્યક્તિને સામાજિક શિક્ષણ આપવાનું પણ કામ કરે છે. જીવનમાં ઉતાવળિયા નિર્ણયોનું શું પરિણામ આવે તે લોકસાહિત્ય સમાજને બતાવે છે, તો ક્યારેક તે મુક્ત મનની અભિવ્યક્તિ પણ બની જાય છે. આથી જ સમાજના પ્રત્યકે વ્યક્તિને લોકસાહિત્ય આકર્ષે છે.

લોકસાહિત્યનો ઉદ્ભવ પણ સમાજની કોઈ ને કોઈ રૂઢિમાંથી થાય છે. ક્યાંથી આવ્યાં આ લોકગીતો ? કયાંથી આવી આ લોકકથાઓ ? એના મૂળિયા સુધી જઈએ તો કોઈ ને કોઈ સામાજિક રૂઢિ હાથમાં આવે. સ્ત્રીઓને સહન કરવી પડતી યાતનાઓને એણે ગીતોમાં ગાઈ, તો વીરોનાં બલિદાન, સમાજ માટે પ્રાણત્યાગ, ભલમનસાઈ માટે મરી પરવારવું કે પોતાનો ધર્મ નિભાવતાં નિભાવતાં હસતા મુખે પ્રાણ આપી દેવાની સામાજિક ઘટનાઓ લોકકથામાં ઊતરી આવી. તરંગી વ્યક્તિના માનસિક તરંગો ઓઠારૂપે મળ્યા, તો તીક્ષ્ણ નિરીક્ષણ ધરાવતી વ્યક્તિનું નિરીક્ષણ લોકોક્તિરૂપે આપણને પ્રાપ્ત થયું. આમ, લોકસાહિત્યનો ઉદ્ભવ સમાજમાંથી થાય છે અને તે જીવંતપર્યંત વ્યક્તિ સાથે રહે છે.

૮) સમૂહભોગ્ય કલાસ્વરૂપ :

લોકસાહિત્ય સમૂહ ભોગ્યતા ધરાવે છે. લોકસાહિત્યની કૃતિઓ બાળકથી લઈને વૃદ્ધ વ્યક્તિ સુધી તમામને એકસરખો આનંદ આપે છે. લોકગીત જ્યારે ગવાતું હોય ત્યારે એ ગાનારને જેટલો આનંદ આવે છે એટલો જ આનંદ એના સાંભળનારને પણ આવે છે. લોકસાહિત્યની સાથે ગાન, વાદ્ય, નૃત્ય, અભિનય વગેરે કલાઓનું પણ સંયોજન થાય છે. રાસ રમતી વખતે તેની સાથે

તાલ અને ઠેકો પણ આવે, કથા કહેતી વખતે તેમાં વાદ્ય સાથે હોકારો પણ આવે. આવું સંયોજન આપણા શિષ્ટ સાહિત્યમાં નથી હોતું, એનો મતલબ એ નથી કે શિષ્ટ સાહિત્ય ઊતરતું છે. ટૂંકમાં કહીએ તો શિષ્ટ સાહિત્ય ધીરગંભીર નદી સ્વરૂપ છે. તેનો આનંદ તો તેના ખરા તરવૈયાને જ મળે છે, જ્યારે લોકસાહિત્ય ખળખળ વહેતા ઝરણા જેવું છે. તેના નિર્મળ જળને કોઈ પણ વ્યક્તિ ખોબો ભરીને પી શકે છે. તેને કિનારે આવનાર સર્વ કોઈને તૃપ્તિ જ થાય છે.

૯) તરતું-વહેતું કળાસ્વરૂપ :

લોકસાહિત્ય સતત પરિવર્તનશીલ છે. તે સમાજની વચ્ચે વહેતું રહે, તરતું રહે અને જળવાય રહે. લોકસાહિત્ય તમામ વ્યક્તિઓ માટે સહજ હોય છે. લોકગીતના રાગ કે ઢાળ યાદ રાખવા સરળ હોય છે. અભણ વ્યક્તિ પણ વિના પ્રેક્ટીસે લોકગીત ગાય શકે છે. પ્રસંગોપાત તેમા પરિવર્તન થતું રહે છે. પ્રદેશ પ્રમાણે શબ્દો પણ બદલાતા રહે પણ તેનો મિજાજ બદલાતો નથી. આમ લોકસાહિત્ય સતત તરતું વહેતું કલાસ્વરૂપ છે

૧૦) સહજ – સરળ અભિવ્યક્તિ

લોકસાહિત્યની કૃતિ વ્યક્તિગત નહીં પણ સમૂહગત હોય છે. લોકસાહિત્યની કૃતિને પ્રયત્ન પૂર્વક સુંદર બનાવવાનો પ્રયત્ન હોતો નથી. તેમાં લોકસમુદાયને સૂઝે એવી કલ્પનાઓ અને અલંકારો હોય છે. કલ્પનાની ભવ્યતા કે અલંકારોનો ઠઠારો લોકસાહિત્યમાં હોતો નથી. પરિણામે લોકસાહિત્યની કૃતિમાં વ્યક્તિગત ધબકારની જગ્યાએ સમષ્ટિનો ધબકાર સાંભળવા મળે છે.

લોકસમુદાયનો ઉદ્દેશ્ય ઉત્તમ કૃતિઓ રચવાનો નથી હોત પણ સમાજજીવનના મૂલ્યો, રીતરિવાજો, પરંપરાઓ, માન્યતાઓ અને જ્ઞાન જળવાય રહે તેના માટે સહારૂપ બનવાનો હોય છે. લોકસમુદાયનું કેટલુય વેદિકજ્ઞાન લોકસાહિત્યની કૃતિઓના માધ્યમથી જળવાય રહયું છે. આ કૃતિઓનો મુખ્ય આશય જ્ઞાનપરંપરાને આગળ વધારવાનો હોય છે. આવી કૃતિઓમાં મૌલિકતા નહીં પણ સર્વભોગ્યતા હોય છે.

ઉપર જેની ચર્ચા કરી એને આપણે લોકસાહિત્યનાં મુખ્ય લક્ષણો ગણી શકીએ. આ સિવાય લોકસાહિત્યનાં લક્ષણો તરીકે લોકસંસ્કૃતિ સાથે અનુબંધ, પુરાતનતા, સાંઘિકતા, સામાજિક અવશેષોને પણ ગણાવી શકાય.

❖ **તારણ :**

લોકસાહિત્ય એ વિશાળ વટવૃક્ષ છે. તેને જોનારને તેની કોઈ ને કોઈ નવી ખાસિયત નજરમાં આવે છે. પરિણામે આપણે લોકસાહિત્યનાં અમુક મર્યાદિત અને નક્કી લક્ષણો ન ગણાવી શકીએ, માટે જ જુદા જુદા વિદ્વાનોએ તેનાં જુદાં જુદાં લક્ષણો ગણાવ્યાં છે પરંતુ મને જે પાયાનાં મૂળભૂત લક્ષણો જણાયાં તેનો આછેરો વિચાર અહીં રજૂ કર્યો છે.

(1.3) લોકસાહિત્યનાં સ્વરૂપ :

લોકસાહિત્યનાં સ્વરૂપનાં મુખ્ય બે પ્રકાર પાડી શકાય : (૧) કથ્ય સ્વરૂપ, (૨) ગેય સ્વરૂપ.

કથ્ય સ્વરૂપમાં, જેનું માત્ર કથન કરી શકાય તેવાં સ્વરૂપોનો સમાવેશ કરી શકાય. તેમાં મોટામાં મોટું સ્વરૂપ એટલે લોકકથા અને સાવ નાનું સ્વરૂપ એટલે કહેવતને મૂકી શકાય. એ જ રીતે ગેય સ્વરૂપોમાં આપણે ગીતકથાથી લઈને દુહા સુધીનાં સ્વરૂપ મૂકી શકીએ. જુદા જુદા વિદ્વાનોએ લોકસાહિત્યનાં જુદાં જુદાં સ્વરૂપો ગણાવ્યાં છે.

નરોત્તમ પલાણે 'લોચન'માં નીચેના સ્વરૂપોની વાત કરી છે:

(૧) લોકોક્તિ

(૨) લોકગીત

(૩) લોકવાર્તા

(૪) લોકગાથા

(૫) ગાથા

(૬) નારારાંસી

(૭) લોકનાટ્ય

'લોકસાહિત્યનાં સ્વરૂપ'માં પ્રા.જશવંત શેખડીવાલા તેનું આ રીતે વર્ગીકરણ કરે છેઃ

(૧) કથાત્મક - ગદ્યાત્મક સ્વરૂપો

(૧) કહેવતો

(૨) ટુચકા

(૩) લોકકથા

(૨) પદ્ય સ્વરૂપો

(૧) દુહા-સોરઠા

(૨) ખાયણાં

(૩) લોકગીત

(૪) રાસડા

(૩) લોકસાહિત્યનાં ગદ્ય-પદ્ય સ્વરૂપો

(૧) દુહાબંધ પ્રેમકથાઓ

(૨) ભવાઈના વેશો

સમગ્ર લોકવિદ્યાનું વર્ગીકરણ કનુભાઈ જાનીએ ત્રણ વિભાગો પાડીને કર્યું છે તે જોઈએઃ

(૧) શાબ્દિક રચના

(૨) અર્ધ શાબ્દિક રચના

(૩) અશાબ્દિક રચના

કનુભાઈ જાની આઠ સ્વરૂપો આ પ્રમાણે દર્શાવે છેઃ

(૧) લોકકથા

(૨) લોકનાટ્ય

(૩) કહેવતો અને રૂઢિપ્રયોગો

(૪) ટુચકા

(૫) લોકવ્યુત્પત્તિ

(૬) ગેય કથાત્મક સ્વરૂપો

(૭) લોકગીત

(૮) ઉખાણાં, દુહા, સુભાષિતો

આ સ્વરૂપોનો આછેરો પરિચય જોઈએ.

૧) લોકકથા :

કંઠસ્થ લોકસાહિત્યમાં સૌથી વધારે લોકપ્રિય સાહિત્ય સ્વરૂપ એટલે લોકકથા. લોકકથાની અંદર એવા રસના ભંડાર ભર્યા છે જે અબાલ-વૃધ્ધ સૌ કોઈને પોતાના તરફ આકર્ષી શકે છે. લોકકથામાં સમાજજીવનના ધબકાર સાંભળવા મળે છે. સમાજ માટે હસતા હસતા બલિદાન આપનાર વિરોની પરાક્રમ ગાથાઓ લકકથામાં પડી છે. વચન ખાતર પ્રાણ આપનાર, ગરીબની વહારે ચડનાર, સ્ત્રીના શિયળનું રક્ષણ કરનાર કે ગાયો માટે આપેલ વિરોના બલિદાનો લોકકથાઓનો વિષય બને છે. શિયળના રક્ષણ માટે ધરતીમાં સમાય જતી સતીઓ, પતિની ચિતા પર સતી થતી કુલવધૂની પવિત્રતા લોકકથામાં આલેખન પામે છે.

લોકકથામાં આલેખન પામતો પ્રસંગ સત્ય કે ઈતિહાસમાં બનેલ ઘટના જ હોય એવું નથી. સમાજજીવનમાં બનતી અસાધારણ ઘટનાઓમાં લોકોએ પોતાની કલ્પનાઓનો રંગ ચડાવ્યો હોય છે. વર્તમાનના દુઃખોમાંથી છૂટવા કાલ્પનિક જગતમાં સરી પડવું એ માણસની પ્રકૃતિ છે. એમાંથી કાલ્પનિકકથાઓનો પ્રારંભ થયો છે. રસ્તા બતાવતા પ્રાણીઓ,

ભાવિષ્યભાખતા પક્ષીઓ, સંપત્તીનું રક્ષણ કરતા નાગ, સંદેશો લઈ જતા પક્ષીઓ, સ્વામીને કાજે પ્રાણ આપી દેતા પ્રાણીઓની કાલ્પનિક કથાઓનું આખું વિશ્વ ખડું થયું.

યુધ્ધો અને ધિંગાણામાં જતાં વિરોના રક્તભીના બલિદાનનોને પાળિયામાં સમાજે પૂજ્યા છે. તેની કથાઓને, 'માથાં પડે અને ધડ લડે' જેવા વિરરસમાં લોકહ્યદયમાં ધબકે છે. આવી કથાઓ પૂજ્ય ભાવની સાથે સાથે વિરરસના પાઠ પણ ભણાવે છે. કુંટુંબના વેરઝેરના લીધી કે ચારિત્ર્ય પરની શંકાઓને લીધે સમાજે કેટકેટલી સ્ત્રીઓના જીવનને નરક બનાવી દીધા છે. સ્ત્રીઓના પુણ્યપ્રકોપમાંથી સતીની કથાઓનો પ્રારંભ થયો છે.

૨) લોકનાટ્ય-ભવાઈ

મધ્યકાળમાં ગુજરાતમાં જ અતિપ્રચલિત એવો જનસમૂહનો નાટ્યપ્રકાર ભવાઈ હતો. બંગાળ અને ઓરિસ્સામાં જેમ જાત્રાએ, બિહાર અને ઉત્તરપ્રદેશમાં રામલીલાએ, પંજાબમાં સોંગે, મથુરા-વૃંદાવનમાં રામલીલાએ, મહારાષ્ટ્રમાં લલિત અને દશાવતારના સોંગે અને મલબારમાં કથકલીએ તેમ ગુજરાતમાં ભવાઈએ જનસમૂહની રંજનલાલસાને પોષી છે.

શ્રી અનંતરાય રાવળ 'ગુજરાતી નાટ્યસાહિત્યનું રેખાદર્શન' લેખમાં જણાવે છે કે, 'ભવાઈ શબ્દને રા. જયશંકરે ભવ-વહી એટલે 'જગતનું જમા-ઉધાર પાસું' એવો અર્થ કરી સમજાવેલ છે. એના કરતાં ભવ એટલે સંસાર પરથી સંસારલીલાનું અનુકરણ તે ભવાઈ એમ માનવું વધુ ઠીક છે.' ડૉ.હરિલાલ ધ્રુવે (શંકર) અને (નટ) પરથી ભવાઈ શબ્દની ઉત્પત્તિ કલ્પી છે.

નરસિંહરાવે આમાંની પહેલી વ્યુત્પત્તિને કૃત્રિમ કહી, બીજી પરત્વે સૂત્રધાર કરતા માનવાચક સંબોધન સિવાય 'ભાવ'નો 'નટ' એવો અર્થ થતો નથી એમ કહી શંકા બતાવી અને પોતે પ્રથમ 'ભવાઈ' અને પછી તેના પરથી 'ભવૈયા' શબ્દ ઘડાયો હોવાનો સંભવ વિશેષ માન્યો છે. પણ પ્રો.ડોલરરાય માંકડના જણાવ્યા પ્રમાણે 'ભાવ'નો નટ અર્થ કરવાને નાટ્યશાસ્ત્ર અને કોશનો સ્પષ્ટ આધાર છે. એટલે 'ભવાઈ'ને 'ભવાઈયા-ભવૈયા' શબ્દો ભાવ (નટ) પરથી આવ્યા હોવાનો ડૉ.હરિલાલ ધ્રુવનો તર્ક સાચો લાગે છે. ભવાઈનો શક્તિપૂજા સાથે થોડો સંબંધ હોવાનું

ભવૈયાઓની 'ચાચર ત્યાં જાતરી ભલી' એ ઉક્તિ પરથી તેમજ નવરાત્રિમાં અંબાજીની આગળ તેમ બીજે ભવાઈ થાય એવો નિયમ હજી સુધી પળાઈ રહ્યો છે તે પરથી સમજાય છે.

આ ભવાયાનો આદિપૂર્વજ અસાઈત ઠાકરને ગણવામાં આવે છે. એની જ્ઞાતિને 'તરગાળા' તરીકે પણ ઓળખવામાં આવે છે. એની પાછળ એક આખી વાર્તા છે. જેનો ઉલ્લેખ જયશંકર સુંદરીએ પોતાના 'ભવાઈ અને તરગાળા' નામના લેખમાં કર્યો છે. અસાઈતે ભવાઈના ૩૬૦ વેશ લખ્યા અને પોતાના પુત્રો સાથે એ ભજવવાનો વ્યવસાય આરંભ્યો એવી વાત પ્રચલિત છે.

પ્રો.ડૉ. મહેશ ચોક્સી ભવાઈના સ્વરૂપની સવિસ્તાર સમજ આપે છે, અને એમાં ભવાઈમાં આવતાં વિષયવસ્તુ, વેશ, ક્રિયા, ગીતો, પાત્રો, રસ આદિ વિશે જણાવે છે. પ્રો.ડૉ. મહેશ ચોક્સીના મંતવ્યાનુસાર, 'આ વેશ સાહિત્ય મુખ્યત્વે મૌખિક ઢબે જન્મ્યું - વિકસ્યું હોવાથી મૂળ વેશ - પાઠ બદલાતાં વાતાવરણ તથા વેશ લેતા ભવાયાની સૂઝ પ્રમાણે સંવર્ધિત થતો રહ્યો હોય એ બનવા જોગ ખરું, માટે આજે વાંચવા-જોવા મળતા વેશનો પાઠ પ્રક્ષેપક વગરનો મૂળ કે અધિકૃત પાઠ છે એમ ભાગ્યે જ કોઈ કહી શકે.

ભવાઈના વેશોમાં ધાર્મિક યા પૌરાણિક, 'રામ-લક્ષ્મણ, કાન-ગોપી, મહાદેવ-પાર્વતી વગેરે.' ઐતિહાસિકમાં, 'જસમા ઓડણ, વીકો સિસોદિયો' તથા સામાજિકમાં, 'મિયાંબીબી, કજોડાં, જૂઠણ વગેરે' એમ ત્રણ પ્રકારના ભવાઈવેશો મળે છે. ભવાઈ રમાય ખુલ્લામાં. ચારે બાજુ પ્રેક્ષકો ગોઠવાય અને વચ્ચેની જગ્યામાં ભવાઈના ખેલ ભજવાય. ગામનો શ્રમજીવી વર્ગ ખાઈ-પી નવરો થાય ત્યારે, એટલે રાત્રે, ભજવાય. રાતના શરૂ થાય તે છેક સવાર સુધી એ ચાલે ભવાઈમાં કોઈ એક જ લાંબો સળંગ કથાપ્રસંગ હોતો નથી. એમાં જુદા જુદા પ્રસંગ ભજવાય. દરેક પ્રસંગને વેશ કહેવામાં આવે છે. દરેક વેશ સ્વયંસંપૂર્ણ નાટક હોય છે. ભૂંગળવાદન બાદ મારુના પહોર ગવાય. ગણપતિના વેશથી ભવાઈના ખેલનો આરંભ થાય અને એક રાતના પાંચ-છ વેશ ભજવાય. દરેક વેશના આરંભમાં આવણું ગવાય. જેમાં પછી મુખ્ય પાત્ર ગીત ગાતું અને નાચતું પ્રવેશ કરે.

ભવાઈના વેશમાં ભજવી શકાય તેટલા બનાવોવાળું કે ક્રિયાવાળું નાટ્યોચિત વસ્તુ હોતું નથી. કેટલાક વેશોમાં તો એ વેશના મુખ્ય પાત્રની સીધી વારતા જ તે પાત્ર કરી જતું હોય છે. કેટલાક વેશોમાં નાટ્યક્ષમ વસ્તુ હોય છે તો તેની બધી શક્યતાઓનો પૂરો લાભ લેવાયો હોતો નથી. ક્રિયાના ધમધમાટની અપેક્ષા રાખે એવો જમાનોય ભવાઈના આરંભકાળે નહીં હોય. સંગીત, નૃત્ય, વેશભૂષા અને અનુકરણને ભવાઈમાં પૂરતો અવકાશ છે. દરજી, કંસારો, બ્રાહ્મણ, રજપૂત, મણિયારો, વાણિયો, મિયાં, વણઝરો, સિપાઈ, કાછિયો, ઢેઢ, જોગી આદિના વેશમાં તે પાત્રની વેશભૂષા, ભાષા વગેરેનું સચોટ અનુકરણ જોવા મળે. મુખ્ય પાત્ર પ્રવેશ કરે ત્યારે ચકરડી ખાઈ નૃત્ય કરતું આવે અને એના ગાણા વખતે પણ લીટી લીટી ગાઈને ચકરડી ખાય. એ રીતે તેમાં નૃત્ય પણ આવે અને ગાણાની વાત જ ન પૂછવી. ભવાઈના વેશો બહુધા ગાણાથી જ ભરપૂર હોય છે. પાત્રો વચ્ચેના સંવાદો પણ ગાણામાં જ થાય. ભાવન-ભજવણી તથા માહિતીવર્ધક, નીતિવ્યવહાર-બોધક કવિતા પણ સારા પ્રમાણમાં આવે. ગદ્ય સંવાદો તો ઘણા થોડા ને અતિપ્રસિદ્ધ વેશો સિવાય બીજામાં તો તત્કાળ ઉપજાવી લેવાય તેવા હોય છે. વેશોમાં મુખ્ય રસ હાસ્ય અને શૃંગાર જે પણ મનોરંજનલક્ષી જ. રંગલો, જૂઠણ, ડાગલો, સામળિયો એવાં જુદાં જુદાં નામે ઓળખાતા મશ્કરના પાત્રનું તો ભવાઈમાં ટાળ્યું ન ટળે એવું સ્થાન.

આજે ભવાઈ લુપ્ત થતી જાય છે, છતાં પણ સાવ અલિપ્ત તો નથી જ થઈ. આજે પણ ગામડાંમાં ક્યાંક ભવાઈનાં દર્શન થાય છે.

૩) કહેવતો :

લોકસાહિત્યમાં અતિલઘુ સ્વરૂપ કહેવતનું છે. કહેવત જીવંત, સચોટ અને આકર્ષક સ્વરૂપ છે. તેમાં લોકસમુદાયનું ઊંડું સામાજિક પરીક્ષણ-મૂલ્યાંકન અસરકારક ભાષામાં આપણી સામે આવે છે. તે રોજિંદા વ્યવહારમાં યોજાય છે અને શિષ્ટ સાહિત્યમાં પણ સ્થાન પામે છે. લોકવ્યવહારમાં તે પરંપરાથી ઊતરી આવી છે. તેમની રચના કોણે, ક્યારે કરી તે જાણવા મળતું નથી પરંતુ મનુષ્યના દીર્ઘકાલીન અનુભવ, નિરીક્ષણ, ચિંતનમાંથી તે ઉદ્ભવી છે અને બોલાતી

જીવંત લોકબોલીમાં અભિવ્યક્તિ પામી છે. તેમાં લાઘવ, વ્યંજના અને વેધકતા હોય છે. સરલતા છતાં સચોટતા હોય છે. મોટા ભાગની કહેવતો એક લીટીની હોય છે. કેટલીક બે લીટીની તો ક્યારેક પદ્ય જોડકણા જેવી ચાર લીટીની પણ મળે છે.

ઉદાહરણ તરીકે કેટલીક કહેવતો જોઈએઃ

(૧) વિરોધી સત્યો પ્રગટ કરતી કહેવતો-

બોલે તેનાં બોર વેચાય. ન બોલ્યામાં નવ ગુણ.

લે લાલો ને ભરે હરદાહ. જેવું કરે તેવું ભરે.

(૨) ગંભીર કહેવતો

વિનાશ કાળે વિપરીત બુદ્ધિ, ઉતાવળે આંબા ન પાકે,

પારકી મા જ કાન વિંધે, અજવાળી તોય રાત,

સાચને આંચ નહીં.

(૩) વિનોદ સભર કહેવતો

શેઠની શિખામણ ઝાંપા સુધી, ચકલી નાની ને ફડકો મોટો,

ઉઠ વહુ વિસામો ખા, બોર મૂકીને કેળ જા, ચમડી તૂટે પણ દમડી ન છૂટે,

ઊંટે કર્યા ઢેકા તો માણસે કર્યા કાંઠા.

(૫) સામાજિક સત્ય ફલિતાર્થ કરતી કહેવતો

હાથના કર્યા હૈયે વાગે,

રંડાયા પછીનાં ડા'પણ નકામાં,

કૂવામાં હોય તો હવાડામાં આવે,

આઘું ઓઢ્યે સતી નહીં ને માથું મુંડાવ્યે જતિ નહીં.

નાણા વગરનો નાથિયો નાણે નાથાલાલ.

(૬) બોધ આપતી કહેવતો

ઘર બાળીને તીરથ ન કરાય.

ઝાઝા હાથ રળિયામણા.

સંઘર્યો સાપ કામ આવે.

બાંધી મૂઠી લાખની ઉઘાડી પવન ખાય.

આપ સમાન બળ નહીં ને મેઘ સમાન જળ નહીં,

પાણી પે'લા પાળ બાંધવી.

(૭) બે લીટીની કહેવતો

એક દીની શોભા, ને જન્મારાની ઓભા.

વર મરો કે કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો.

શિયાળ તાણે સીમ ભણી ને કૂતરું તાણે ગામ ભણી.

(૮) અન્ય બોલીના મિશ્રણવાળી કહેવતો

મિયાં બીબી રાજી તો ક્યા કરે કાજી.

એક પંથ ને દો કાજ.

શહાણુ માણુસ લાભત નાહીં.

આવી કહેવતોમાં લોકસમાજનું વાસ્તવિક પ્રતિબિંબ પડે છે. તેમાં લોકવ્યવહારની સારીનરસી તમામ બાજુઓનું દર્શન થાય છે. કહેવત નાની પણ તણખા જેવી હોય છે. ભાષાની દૃષ્ટિએ પણ દૃઢ બંધારણવાળી હોય છે. કહેવતના શબ્દો ટૂંકા છતાં સચોટ હોય છે. શબ્દાનુપ્રાસ અલંકારનો વિશેષ પ્રયોગ કહેવતમાં જોવા મળે છે.

૪) ટુચકા અને ઓઠાં :

લોકસાહિત્યનાં કથ્ય સ્વરૂપોમાં ટુચકો અને ઓઠાં અતિલઘુ સાહિત્યસ્વરૂપ છે. ટુચકો હંમેશા વ્યંજનાથી હાસ્યસભર હોય છે. તેમાં સામાજિક પરિસ્થિતિનું એવું ટોણા ભર્યું નિરૂપણ હોય છે કે તે સાંભળતાં જ આપણે હસવું આવી જાય છે. માણસનો વિચિત્રતા ભર્યો વ્યવહાર, વાણી, વર્તન કે મૂર્ખતા તેનો વિષય બનીને આવે છે. ટુચકો નાનો હોય છે છતાં પણ તેમાં પાત્ર, પ્રસંગ એવાં અસરકારક હોય છે કે સામેની વ્યક્તિ પર ધારી અસર ઉપજાવી શકે છે. ટુચકાનો મુખ્ય ઉદ્દેશ તો હાસ્ય જન્માવવાનો હોય છે. પણ ક્વચિત્ તે બોધ પણ આપે છે. માણસની મૂર્ખામીમાંથી તે હાસ્ય જન્માવે અને એ હાસ્ય બીજાને એ મૂર્ખામી કરતું અટકાવે છે. ક્યારેક આવા ટુચકા અશ્લીલતામાં પણ સરી પડે છે.

ટુચકા જેવું જ લઘુ સ્વરૂપ એટલે ઓઠાં. માણસની એ ખાસિયત રહી છે કે તે બીજાને શિખામણ આપવા તત્પર હોય છે. પણ શિખામણ કે સલાહ તેને લેવી ગમતી નથી - એ આબાલવૃદ્ધ સૌ માટે લાગુ પડે છે. આવા સમયે લોકશિક્ષણ આપવા લોકસમાજે ઓઠાંની રચના કરી છે. જે રીતે કવિઓ પોતાની વાતને અસરકારક રીતે રજૂ કરવા માટે પ્રતીકનો ઉપયોગ કરે છે એ જ રીતે ગ્રામ્ય સમુદાયમાં ઓઠાનો ઉપયોગ થાય છે. આથી ઓઠાનો એક અર્થ ઉદાહરણ પણ થાય છે. ઓઠા નીચે કહેવાયેલી વાત પોતાની ધારી અસર ઉપજાવે છે.

આમ, ટુચકા અને ઓઠાં આપણા લોકસાહિત્યના લઘુમાં લઘુ સાહિત્યસ્વરૂપ છે.

૫) લૌકિક વ્યુત્પત્તિઃ

લૌકિક વ્યુત્પત્તિ એટલે કોઈ પણ શબ્દની વ્યુત્પત્તિ કલ્પી કાઢવી. સમાજમાં આવી વ્યુત્પત્તિ બહુ જાણીતી હોય છે. એટલું જ નહીં પણ રમૂજ પમાડનારી પણ હોય છે. મનફાવતી છતાં બંધબેસતી અર્થવ્યંજનાથી લોકો શબ્દોની વ્યુત્પત્તિઓ ઉપજાવી કાઢતા હોય છે. આવી ઉપજાવી કાઢેલી વ્યુત્પત્તિઓ સાચી હોવાનો ભાસ થાય છે પણ એ સાચી નથી કે નથી હોતી શાસ્ત્રીય,

સામાન્ય સમાજને વ્યુત્પત્તિની શાસ્ત્રીયતાની શી પડી હોય છે ? એને તો અર્થ સાથે જ ગમ્મત પડે એટલે બસ. જુઓ એનાં ઉદાહરણોઃ

પ્રધાન : પર (પારકું) ધાન ખાય તે પ્રધાન.

દિવાળી : દી વાળે તે દિવાળી.

વડોદરા : વડ જેવું જેનું ઉદર છે તે વડોદરા.

જમાઈ : જમ જેવો તે જમાઈ

ઘડિયાળ : ઘડીમાં આળ મૂકે તે ઘડિયાળ

ઉર્વશી : ઉરમાં વશી માટે જ ઉર્વશી

સુધરાઈ : જેને સુધારવામાં આવે છે તે સુધરાઈ

દીકરો : દી કરે તે દીકરો

નાટક : નહીં ટકે તે જ નાટક

માસી : માના જેવી તેથી માસી

બાજરી : બાને જરે (પચે) તે બાજરી

સામ્યભાસથી પણ કેટલીક વાર લૌકિક વ્યુત્પત્તિઓ પ્રચલિત બનતી હોય છે. એમાં મૂળ શબ્દનો અર્થ ફેરવી નાખવામાં આવે છે. દા.ત., આદિમ આર્યભાષામાંથી ઊતરી આવેલો શબ્દ 'વિધવા'. આ શબ્દને વિભક્ત કરી એનું મૂળ શોધવા પ્રયાસ થયો છે. વિ + ધવા - વિધવા એટલે કે જેનો વિગત થયો છે પતિ (ધવ) તે વિધવા. ધવ-નો અર્થ પતિ થયો અને એવી જ રીતે બીજા શબ્દો બન્યા. સધવા, માધવ વગેરેને એ જ વ્યુત્પત્તિ લાગુ પાડી શકાય.

દુહિતા શબ્દની વ્યુત્પત્તિ પણ કૃત્રિમ કરી નાખવામાં આવી છે. 'દુહ' એટલે દોહવું. એ ધાતુ પરથી ગાય દોહનારી તે દુહિતા. આર્ય કુટુંબમાં પહેલાં ગાય દોહવાનું કાર્ય પુત્રીઓ કરતી હતી. પણ આજે 'સાપનો ભારો' ગણાતી દીકરી એટલે દુહિતા. દુહિતા એટલે મા-બાપના હિતને નુકસાન કરનાર - દૂરહિતા - દુહિતા - જેને દૂર રાખવી જ હિતકાર છે તે.

કેટલીક વાર કહેવતોમાં પણ આવી લૌકિક વ્યુત્પત્તિ ઘોતક બની રહે છે. દાત., 'ખપ તેનો સોચ (વિચાર) નહીં'. એને બદલે 'ખપ તેનો છોછ (આભડછેટ) નહીં.' એવી જ બીજી કહેવત જુઓ, 'પહેલે દા'ડે પરોણો બીજે દા'ડે પઈ ને ત્રીજે દા'ડે રહે તેની અકકલ ગઈ', આમાં પઈ-પાઈનો અર્થ ભ્રામક છે. ખરો અર્થ એની સાચી વ્યુત્પત્તિથી સમજાશે. પથિક / પહિ / અપહ / અપંહ (મહેમાન) માનીતો નહીં તે, અજાણ્યા જેવો. કહેવતનો અર્થ પણ કેટલીક વાર આવી લૌકિક વ્યુત્પત્તિથી ફરી જતો હોય છે.

આમ, લોકો શબ્દની અનેક રીતે વ્યુત્પત્તિઓ વિચારી કાઢે છે, જે હાસ્યાસ્પદ હોય છે તો સાથે રમૂજ પણ પમાડે છે.

૬) ગીતકથા :

ગીતકથા કે ગાથા અંગ્રેજી શબ્દ 'બેલેડ' 'Bailed' *પરથી ઊતરી આવેલો છે. આપણે ત્યાં ગ્રામગીત, નૃત્યગીત, આખ્યાનગીત, વીરગાથા, વીરગીત, વીરકાવ્ય વગેરે શબ્દો મળે છે. અંગ્રેજીનો આ શબ્દ મૂળ ફ્રેન્ચ ક્રિયાપદ* Bailea to Danee *ઉપરથી ઊતરી આવ્યો છે. તેનો અંગ્રેજીમાં અર્થ થાય છે. 'ગોળ કુંડાળે ફરતાં, નૃત્ય કરતાં ગવાતી ગીત રચનાઓ'.*

'એનસાઈક્લોપીડિયા ઓફ બ્રિટાનિકા' અનુસાર 'બેલેડ એટલે સરળ છંદોમાં અને સરળ ભાષામાં કહેવાયેલી કથા.' પ્રસિદ્ધ અંગ્રેજી વિદ્વાન ડબ્લ્યુ.પી. કેરના મતે -"બેલેડ એવું કથાત્મક ગીત છે જે લોકોના કંઠે જન્મ લે છે અથવા કોઈ ઐતિહાસિક વ્યક્તિનો સંદર્ભ લઈને કવિ દ્વારા રચવામાં આવે છે. જેમાં ગેયતા અને કથાત્મકતા બન્નેનો સમાવેશ થાય છે અને તેનો ફેલાવો કંઠોપકંઠ રીતે પેઢી દર પેઢી થતો રહે છે." તો 'ડિક્ષનરી ઓફ વર્લ્ડ લિટરેરી ટર્મ્સ' અનુસાર બેલેડ શબ્દનો પ્રયોગ ત્રણ અર્થમાં થાય છેઃ

(૧) સાહિત્યના ક્ષેત્રમાં સીમિત અને વિશિષ્ટ અર્થમાં બેલેડ મુખ્યત્વે એક લઘુ કથાત્મક અને ગીતાત્મક કાવ્યનું નામ છે.

(૨) સામાન્ય અર્થમાં બેલેડ શબ્દનો પ્રયોગ કોઈ પણ લઘુગીત માટે કરવામાં આવે છે જે આપણી ભાવનાઓને સ્પર્શે છે.

(૩) સંગીતના ક્ષેત્રમાં પણ બેલેડ શબ્દનો પ્રયોગ થાય છે. જે એકાદ વાદ્ય સાથે નૃત્ય સહિત ગવાય છે. પિયાનો પર ગાવા માટે પણ યુરોપમાં બેલેડ લખાતા હતા.

આના પરથી સ્પષ્ટ થાય છે કે પશ્ચિમમાં બેલેડના એક કરતાં વધુ અર્થ થાય છે પણ સાહિત્યના અર્થમાં તો ડબ્લ્યુ.પી. કેરનો મત જ સ્વીકાર્ય બને છે.

ગીતકથાનો ઉદ્ભવ અને વિકાસ માનવસમાજ જેટલો જ પ્રાચીન છે. માણસે જ્યારે કબીલામાં રહેવાની શરૂઆત કરી ત્યારથી જ તેની લાગણીઓની અભિવ્યક્તિ સામૂહિક નૃત્ય અને ગીત દ્વારા થતી. દેવી-દેવતાઓ, આદિપુરુષોની કલ્પનાઓ અસ્તિત્વમાં આવતાં એના સંબંધિત આખ્યાનો પણ ગીતોનો વિષય બનવા લાગ્યાં. એ આખ્યાન ગીતો જ ગીતકથા 'બેલેડ'ના કથાપિંડો બને છે.

ગીતકથાના વિષય તરીકે પસંદગી પામે, જીવનમાં વિરોધાભાસી પરિસ્થિતિનો જીવનપર્યંત સામનો કરતા - ઝૂઝતા વીરોની વીરતા, પોતાના પ્રેમ માટે જીવ સટોસટની બાજી ખેલનારની અને કેટલાક ક્રૂર- લુચ્ચા દગાબાજ માનવીઓની કૂટનીતિનો ભોગ બનતા નિર્દોષ માનવીઓ, તો ક્યારેક માનવી અને કિસ્મત વચ્ચેની અથડામણની કથાઓ હોય છે. તો ક્વચિત્ ભક્તો કે સતીના જીવનપ્રસંગો સંદર્ભે પણ તેની રચના કરવામાં આવે છે. તેમાં મુખ્યત્વે શૃંગાર, વીર, કરુણ અને અદ્ભુત રસોનું આલેખન હોય છે. ગીતકથાની કથા મહદંશે લોકહૃદયને સ્પર્શી જાય - ગમી જાય તેવી ભાવનાસભર હોય છે. તેની ટેક - શરૂઆતની પંક્તિ વેધક હોય છે અને તે મુખ્ય ભાવનું કથન કરતી હોય છે. દા.ત.,

વહુ કરે છે આપણા ઘરની વાત જો
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ ૦

પંક્તિમાં ભાવ અને લય કરુણરસને પોષક બને એવા છે, જે વારંવાર પુનરાવર્તન પામવાને લીધે આખા જ વાતાવરણને કરુણ બનાવી દે છે. ગીતકથાનો અંતિમ સૂર કરુણ જ હોય છે. એ ગવાય છે ત્યારે કરુણના મોજાં ઊછળે છે અને હૃદયના મંથનમાંથી કુદરત અને સમાજ તરફ ફરિયાદ વ્યક્ત કરતા જાય છે. સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં સોનલ-ગરાસણી, જસમા ઓડણ, રાણકદેવી, પાતળી પરમાર, મોરલાનો રાસડો વિશેષ લોકચાહના પામ્યા છે. કરુણાંત ગીતકથાઓ વિશે એમરસન યથાર્થ કહે છે, ''ભીતરમાં સળગતા, હૃદયમાંથી ઊછળતા જ્વાળામુખીની જ્વાલા - જિહ્વાઓની જેવા એ પ્યાર અને વેદનાનાં ગીતો છે.''

૭) લોકગીત :

લોકસાહિત્યનાં પદ્યસ્વરૂપોમાં સૌથી સરસ અને સૌથી વધુ પ્રચલિત લોકચાહના પામેલ સ્વરૂપ છે લોકગીત. કોઈ પણ પ્રદેશમાં વસતી વિવિધ જાતિઓની ભાષા અને બોલીમાં જે પરંપરાગત ગીતો પેઢી દર પેઢી ગવાતાં રહે છે તેને લોકગીત કહેવામાં આવે છે. આવાં પરંપરાગત ગીતો કોણે લખ્યાં, ક્યારે લખ્યાં એની જાણકારી મળતી નથી પરંતુ આવાં ગીતો લોકોની કંઠપરંપરામાં જીવનનું અંગ બનીને પેઢી દર પેઢી જળવાતાં રહે છે. તે બદલાતા સમય સાથે પોતાનું સ્વરૂપ પણ બદલે છે અને પોતાનું આગવાપણું પણ જાળવી રાખે છે. પરિણામે લોકગીત નવું પણ લાગે અને જૂનું પણ લાગે. જીવનનો એકેય તબક્કો એવો નથી જ્યાં લોકગીતનો સ્પર્શ ન થયો હોય. બાળકનો જન્મ થાય ત્યાંથી એટલે કે જન્મથી મૃત્યુ સુધીના તમામ તબક્કાનાં ગીતો મળે છે. જીવનમાં જ્યાં-જ્યાં ગાવાની ફુરસદ મળી ત્યાં-ત્યાં લોકોએ પોતાના ગળાને વહેતું મૂક્યું છે. ક્યારેક એણે આનંદનો પ્રસંગ ઉલ્લાસ સાથે ગાયો તો ક્યારેક ઘૂંટાતી લાગણીને દુઃખ સાથે ગાઈ, આથી લોકગીતમાં તમામ રસોનું સંયોજન થયું છે.

લોકસાહિત્યમાં જીવનના પ્રત્યેક પ્રસંગનાં ગીતો મળે છે. જીવનમાં જેમ પ્રસંગોની કમી નથી તેમ લોકસાહિત્યમાં લોકગીતોની પણ કમી નથી. લોકગીતોમાં હાલરડાં, વ્રતગીતો, છાજિયા, રાજિયા, રાસ-રાસડા, દુહા, ભજનો, કીર્તનો, છકડિયા, બારમાસી, ઋતુગીતો, વાર, તિથિ,

મહિના, બાળગીતો, લગ્નગીતો, તુલસીવિવાહનાં ગીતો, રાંદલનાં ગીતો, ઉત્સવ-મેળાનાં ગીતો વગેરેનો સમાવેશ થાય છે. આથી જ લોકગીતો માટે મેઘાણીના શબ્દો ઉચિત છેઃ "જેના રચનારાએ કદી કાગળ કે કલમ પકડ્યાં નહીં હોય, એ રચનારાં કોણ તેની કોઈને ખબર નહીં હોય, અને પ્રેમાનંદ કે નરસિંહ મહેતાની પૂર્વે કેટલો કાળ વીંધીને એ સ્વરો ચાલ્યા આવે છે તેનીયે કોઈ ભાળ નહીં લઈ શક્યું હોય તેનું નામ લોકગીત. ધરતીના કોઈ અંધારા પડોમાંથી વહ્યા આવતા ઝરણાનું મૂળ જેમ કોઈ કદાપિ શોધી શક્યું નથી તેમ આ લોકગીતોનાં ઉત્પત્તિસ્થાન પણ અણશોધ્યાં જ રહ્યાં છે, અને તેટલી વિશેષ તાજુબીમાં શોધકો ગરક થઈ ગયા છે. જગતમાં ઉત્તમ ગણાતાં કાવ્યની આછી ઘેરી રેખાઓ ધારણ કરતી આ કંઠસ્થ કૃતિઓ ઉપર કયા અથવા તો એકસામટા કેટલા સર્જનહારોના હાથ ફર્યા હશે તેની પણ ગમ આપણને પડતી નથી."

(1.4) લોકસાહિત્ય સ્વરૂપ તરીકે દુહો

લોકસાહિત્યનાં સ્વરૂપોનો જ્યારે વિચાર કરીએ ત્યારે તેમાં સૌથી વધારે લોકપ્રિય સ્વરૂપ તરીકે દુહાનો ઉલ્લેખ કરવો રહ્યો, કારણ કે દુહાની દુનિયા સંસાર જેટલી વિશાળ છે. સંસારનાં તમામ ભાવસંવેદનો દુહામાં પડઘાય છે. આથી જ જયમલ્લ પરમારે દુહાનું મહત્ત્વ બતાવતા લખ્યું, 'દુહો પોતાના મલમલી દુપટ્ટાથી પ્રેમીઓના દિલને જેટલી સહજતાથી ડોલાયમાન કરે છે, એટલી જ સહજતાથી વૈરાગ્યનો ભગવો નેજો લહેરાવે છે, તો વીરરસને દુહા જેવો ચગાવણહાર બીજો એકેય પ્રકાર આપણને સાંપડતો નથી, શૌર્યના ઉચ્છરંગ, સમરજાદ શૃંગાર અને મસ્ત પ્રણયની બરછિયુંના મીઠા ઘા મારતો આવે, ઋતુઓની લીલાના અણસારે ચિત્રો ઉઠાવતો આવે, પ્રમત્ત કે મુરઝાઈ ગયેલા હૈયાને આટલી મોકળાશ એકેય કાવ્યપ્રકારે નથી આપી. એમાં ગુંજન પણ છે ને ગહેકાટ પણ છે. એનો પમરાટ સીધો પ્રાણને સ્પર્શે છે. એની હલકમાં જેટલી મધુરતા છે એટલું જ દર્દીલાપણું છે. એનો કરુણ ઢંગ તો કલેજા-વિંધણ હોય છે. વાર્તાઓ અને કથાગીતોને તો આ દુહાએ જ જીવતાં રાખ્યાં છે." દુહામાં સંસારના તમામ ભાવો આલેખન પામ્યા છે. વ્યક્તિગત

પ્રણય, દર્દની ઊંડી લાગણી, બિરદાવલીઓ, ઋતુસૌંદર્ય, પ્રદેશસૌંદર્ય, વ્યક્તિગત ખમીર, બોધ-ઉપદેશ એમ જીવનનાં તમામ ક્ષેત્રોમાં દુહો ફરી વળ્યો છે. દુહાથી પરિચિત ન હોય એવી ભાગ્યે જ કોઈ વ્યક્તિ આપણને મળે. ટૂંકમાં, લોકસાહિત્યમાં સૌથી નિરાળું અને ઠાવકું સાહિત્યસ્વરૂપ દુહાનું છે. દુહાના કોશગત અર્થ જોઈએ.

(1.5) દુહાના કોશગત અર્થો :

(૧) दोहा **:**

संज्ञा(पु.) [हि. दो+हा(प्रत्य०)] एक प्रसिद्ध हिंदी छंद । ईस के पहले तथा तीसरे चरण मे १३-१३ मात्राएँ और दूसरे तथा चौथे चरण में ११-११ मात्राएँ होती है । ईस को उलट देने से सोरठा होता है ।[17]

(૨)

(।) દુહાઓ : પુ. પ્રાચીન ગ્રામ્ય કવિતાની તૂક.

(॥) દુહો : પુ. એક જાતનો દોહરો; બે ચરણનું નાનું અનુષ્ટુપ જેવું એક પદ્ય. દુહાઓનું એક ખાસ વિશિષ્ટત્વ એ છે કે, પ્રત્યેક દુહો કાવ્યમૌક્તિક છે. ઘણીવાર એક દુહાને સમજવા માટે બીજા દુહાની આવશ્યકતા રહેતી નથી. સંસ્કૃત સુભાષિતમાં અનુષ્ટુપ શ્લોકનું જે સ્થાન છે, તે જ સ્થાન લોકસાહિત્યમાં દુહાઓનું છે.[18]

(૩)

દુહો પું ૦ [*સં.*दोधक; प्रा. दोधअ – दूहथ; हिं दोहा] *દોહરા.*[19]

(૪)

દુહો : પુ.[સં. માં दोग्धक બનાવટી શબ્દ ઊભો કરેલો છે. दोग्धक છંદનું નામ પણ જૂનું નથી. 'દુહો' બે અર્ધનો હોઈ મૂળમાં દ્વિ >પ્રા.દુ.] દોહરો છંદ (અર્ધસમ માત્રામેળ છંદ ૧૩+૧૧ માત્રાના બે અર્ધનો) (પ્રિ.)(૨) દોહરા સોરઠાના અનિયમિત સંમિશ્રણનો લૌકિક છંદ.[20]

૫)

દુહો : પુ. (દુહો બે અર્ધનો હોઈ મૂળમાં સ. દ્વિ.પા.દુ. છે.) દોહરો છંદ (અર્ધસમ માત્રામેળ છંદ, ૧૩-૧૧ માત્રાના બે અર્ધનો.

(II) દોહરો- સોરઠાના અનિયમિત સંમિશ્રણનો લૌકિક છંદ .[૨૧]

૬)

દુહો અપભ્રંશ છંદનો એક પ્રકાર અને લોકપ્રિય સાહિત્યસ્વરૂપ છે. સંસ્કૃતમાં શ્લોકનું અને પ્રાકૃતમાં ગાથાનું જેવું સર્વોપરી સ્થાન છે તેવું જ અપભ્રંશમાં દુહાનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. અપભ્રંશકાળથી વિકસતા આવેલાં લોકપ્રિય ગુર્જર કથાગીતોનો રાજા દુહો છે.

રાજસ્થાની તથા હિંદી ભાષામાં પણ 'દુહો' લોકપ્રિય છે. દુહાનો એક વિશેષ પ્રકાર દોહાવિદ્યાની લોકપ્રિય ભૂમિ સોરઠના નામ ઉપરથી 'સોરઠા' તરીકે પ્રસિદ્ધ છે. ઝવેરચંદ મેઘાણીએ કહ્યું છે તેમ, લોકવાર્તાઓમાં દુહો વચ્ચે-વચ્ચે ટાંકવામાં આવે છે. એથી વાર્તા કે કથાપ્રસંગ રસમય સંવેદનસભર બને છે. દુહો એ વાર્તારૂપી ઈમારતના સ્તંભો અને કમાનો છે. રવેશો અને ઝરૂખો છે.[૨૨]

(1.6) દુહા વિશે વિદ્વાનોનાં મંતવ્યો :

૧)

વાર્તાઓનો પદ્યવિભાગ દુહા નામના ચાર ચાર ચરણોનાં મુક્તકોનો બનેલો હોય છે. તે દુહાઓ વાર્તાના કથનમાં અંતરે અંતરે ટંકાતા આવે છે. એ દુહાઓ વાર્તાના કોઈ પ્રસંગને વર્ણવતા ભાગ્યે જ હોય છે. એ તો વાર્તામાં આવતા ઊર્મિ અંશોને જ રજૂ કરે છે. વાર્તાના પાત્રની ઉત્કટ મનોવસ્થાનું ઉચ્ચારણ આ દુહાઓમાં થાય છે. વાર્તાની ઘટનાના ઊર્મિતત્ત્વને ઘનીભૂત કરતા આ દુહા છે. ઉદાહરણ લેખે શેણી-વિજાણંદની પ્રેમકથાને પોતાના પદ્યમાં કથતો કથતો વાર્તાકાર કેટલાક બનાવો, સંવાદો અને વર્ણનો સ્વયમેવ પૂરતો પૂરતો જ્યારે શેણીને દિન પર દિન અને માસ પછી માસ વિજાણંદની વ્યર્થ વાટ જોઈ રહેલી બતાવે છે, ને છેલ્લે જ્યારે એ વર્ષારંભે કરાર પ્રમાણેના અંતિમ દિનેય નથી આવતો ત્યારે વાર્તાકાર એક દુહો ટાંકીને શેણીના સમગ્ર ઉરસંવેદનને રજૂ કરે છે.

વરસ વળ્યાં વાદળ વળ્યાં, ધરતી નીલાણી,
એક વિજાણંદને કારણે, શેણી સુકાણી.
(સોરઠી ગીતકથાઓ - શેણી-વિજાણંદ)

વાર્તાએ વાર્તાએ આવા પચીસ-પચાસ દુહા ટંકાય છે. વાર્તારૂપી ઈમારતના એ સ્થંભો અને કમાનો છે, રવેશો અને ઝરૂખા છે. સોરઠિયા દુહાનું આ ઠાવકું ઘડતર સાદું છતાં પાણીદાર એનું મોતી સમું રસસ્વરૂપ, લાઘવના હિસાબે તો કોઈ પણ અન્ય કાવ્યપ્રકારને આંટે તેવી એની બહિરન્તર નાજુકાઈ, એ તો રાજસ્થાનભરમાં આવી પ્રશંસાને પામેલ બાબત છે.

સોરઠીઓ દોહો ભલો, ભલી મરવણરી બાત;
જોબન છાઈ ધણ ભલી, તારા છાઈ રાત.

(ચાર વસ્તુઓ સુંદર છેઃ સોરઠનો દુહો, મારવાડની વાર્તા, જોબનભરી નારી અને તારા વડે છવાયેલી રાત્રિ.)[૨૩]

૨)

પ્રાણીના આત્માને શબ્દ સાંભળવાની ભાવના થઈ અને કાન ઉત્પન્ન થયા. વસ્તુ ઓળખવાની ઈચ્છા થઈ અને આંખ ઉત્પન્ન થઈ. વાસ લેવાની બુદ્ધિ થતાં નાક ઉત્પન્ન થયું, તેમ સંસ્કારાયે જતી ભાષાને કવિતા-કલારૂપે અવતરવાનો ભાવ થયો અને દુહાનો જન્મ થયો.

આભ ઉકેલે ભોં ભખે, વેધનકો હિય વેધ,
અગોચર ગોચર કરે, દુહો દસમો વેદ.

(આકાશી તત્ત્વોને, ભૂમિ અને એના તળના જ્ઞાનને, ધર્મ અને વિજ્ઞાનને, માનવજીવન અને તેના ઊંડા મર્મને, ગોચર અને અગોચરને રૂપકડા છંદરૂપે વ્યક્ત કરે છે, એટલા માટે દુહો દસમો વેદ ગણાય છે.)[૨૪]

૩)

આપણે દુહાના મૂળ વિશે વિચારીએ તો પ્રાપ્ત દુહામાં સૌથી પ્રાચીન દુહો કયો ? માનવ ઓજારોનો કાળનિર્ણય જેટલો શક્ય છે તેટલો માનવભાષાનો નથી. એમાં પણ દુહા જેવા સ્વરૂપની પ્રાચીનતા ઝટ દઈને તારવી શકાતી નથી. દુહો લિપિ કરતાં કંઠમાં વિશેષ હોઈ એના કાળનિર્ણયમાં લિપિ પણ સહાયભૂત થતી નથી. અમુક પ્રદેશોએ, અમુક જાતિઓએ દુહાને પ્રથમ પ્રગટાવ્યો એવું સિદ્ધ કરવું કઠિન જ નહીં, અવાસ્તવિક પણ છે. દુહો સ્થળ-કાળ-સંજોગોનું એક સહિયારું સર્જન જણાય છે. એના મૂળ વિશે કોઈ નિશ્ચિત જાતિ-પ્રદેશ કે વર્ષનો નિર્દેશ થઈ શકે તેમ નથી. આપણે એવા નિર્ણય ઉપર આવી શકીએ કે આ નહીં અને આ સમયગાળામાં દુહો મળે છે. તેમજ આ પ્રજાઓ વચ્ચે અને આ પ્રદેશોમાં દુહાનું મૂળ હશે.

આવા નિર્ણય ઉપર આવવા માટે ત્રણેક માઈલસ્ટોન ઊભા કરીએ તો આજના સમયથી હજાર વર્ષને આળેગાળે હેમચંદ્ર, હેમચંદ્રથી હજાર વર્ષને આળેગાળે પિંગળમુનિ, પિંગળમુનિથી હજાર વર્ષના આળેગાળે ઋગ્વેદ છે. આજના પ્રથમ તબક્કે દુહો આપણા હાથમાં છે. બીજે તબક્કે હેમચંદ્રમાં પણ દુહો છે. ત્યાંથી આગળ ત્રીજા તબક્કે પિંગળમાં દુહો પ્રાપ્ત નથી. પિંગળ જે માત્રામેળ 'દ્વિપદી' અથવા 'દોધક' આપે છે એમાં દુહાનું નામકરણ અને દુહાનું બીજ નિહાળી શકાય. પરંતુ આ 'બીજ ક્યારે અને કયા સંજોગોમાં 'દુહા' રૂપે ફૂટી નીકળ્યું તેની શક્યતા વિચારવાની રહે.

એકધારો ઉચ્ચ પ્રૌઢી તરફ ગતિ કર્યે જતો સંસ્કૃત વૃત્તોનો પ્રવાહ દુહો જેવા સરળ સ્વરૂપને એકદમ જન્મ આપી બેસે તે વિચારવું સહેજ વધુ પડતું લાગે છે! પિંગળથી ઋગ્વેદ સુધીના પ્રવાહનું દર્શન કરીએ તો તેમાં લોકભોગ્યતા કરતાં વિદ્વત્તાભોગ્યતાનું લક્ષણ પ્રધાન રહેલું જણાય છે! એવા પ્રવાહને ધરતી ઉપર લાવનાર કયા સંજોગો છે ? કયાં પરિબળોએ સંસ્કૃતની સામે લોકબોલીને પ્રાધાન્ય આપ્યું ? આ સ્થળે અવેસ્તાવાળા પ્રવાહનો વિચાર આપણે કરવો જોઈએ. વિશેષ લોકભોગ્ય રહીને ચાલ્યા આવતા છંદોના એ વહેણમાં તો દુહાનું મૂળ નહીં હોય ને?

પ્રજાની હેરફેર ઈતિહાસ સૌને જ્ઞાત છે. ઋગ્વેદ અને અવેસ્તા જુદા પડ્યા પછી અવેસ્તાવાળી પરંપરામાંથી એક પછી એક પાર્શ્વ પ્રજાનાં ટોળાં ભારતમાં આવતાં રહ્યાં છે. સંસ્કૃત જેવી ભાષાને છોડીને પ્રજા જે બોલતી તે બોલીમાં જ પોતાનું દર્શન રજૂ કરતા પાર્શ્વ, મહાવીર, ગોશલક, બુદ્ધ ભાષાની બાબતમાં ઋગ્વેદ કરતાં અવેસ્તાવાળી પરંપરાને વિશેષ અનુસર્યા છે. રામાયણ-મહાભારત જેવાં મહાકાવ્યોનાં ભાષા-છંદ પણ વિદ્વત્‌ભોગ્ય કરતાં લોકભોગ્ય વિશેષ છે. ઈ.સ. આઠમી સદીમાં તો આતશપરસ્ત, દૂધમાં સાકાર ભળે તેમ ગુજરાતમાં ભળી ગયા છે. અવેસ્તાવાળી, ગાથાબદ્ધ આ પરંપરાએ ઊંચે ચડ્યે જતા સંસ્કૃત વૃત્તોને ભોંય ઉપર લાવવાનું કામ કર્યું છે.

દુહો જે પ્રદેશમાં વિશેષ મળે છે તે કચ્છ, સૌરાષ્ટ્ર, સિંધ, રાજસ્થાનમાં હાલ વસતી પ્રજાનાં મૂળ પણ ઈરાનમાં છે. અવેસ્તા અને તેના યશ્ન, ખોર્દદ જેવા ભાગોની ભાષાઓનો અભ્યાસ હજુ જોઈએ તેવો થયો નથી. પરંતુ જરથુસ્તની અસર આપણાં ભાષાસાહિત્ય-સંસ્કૃતિ ઉપર વિશેષ છે. દુહાનું મૂળ પણ આ પ્રદેશમાં થયેલા અવેસ્તા, ઋગ્વેદની પરંપરાઓના પુનર્મિલનમાં કલ્પી શકાય છે. નદીઓનાં મીઠાં પાણીનો સંયોગ, સમુદ્રનાં ખારાં પાણી સાથે થતાં એમાં આપોઆપ માછલાં પ્રગટે છે. તેમ ભારતમાંથી ઉદ્‌ભવેલા ઈરાની મીઠા પ્રવાહનું ભારતના આ પશ્ચિમ ભાગમાં પુનર્મિલન થતાં એમાં આપોઆપ માછલાં જેવો જ જીવંત અને ચપળ દુહો, પાણીમાં મીન ફરે તેમ, કચ્છ, સૌરાષ્ટ્ર, સિંધ, રાજસ્થાની લોકસમાજમાં તરતો થયો હશે.[૨૫]

૪)

સંસ્કૃતનો લાક્ષણિક છંદ અનુષ્ટુપ, પ્રાકૃતનો લાક્ષણિક છંદ ગાથા અને એ જ પ્રમાણે અપભ્રંશનો લાક્ષણિક છંદ દોહા (એટલે કે દુહો). છઠ્ઠી શતાબ્દીથી લગભગ શરૂ થયેલા અપભ્રંશ સાહિત્યના પ્રારંભના અતિશય મહત્ત્વના, આશરે ત્રણસો વરસના ગાળાની કોઈ પણ કૃતિ જળવાઈ નથી રહી એ એક મોટું દુર્ભાગ્ય છે. છતાં પણ તે સાહિત્યના પ્રારંભથી જ તેના કેટલાક વિશિષ્ટ પ્રકારો માટે દોહા છંદ વપરાતો રહ્યો હોવાના પુરાવા છે. અપભ્રંશોત્તરકાળમાં તો કથાઓ, લઘુરચનાઓ અને મુક્તકો માટે મુખ્યપણે અને અન્યત્ર ગૌણપણે દોહાનો ઘણા વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થયો છે.

સંસ્કૃતના કાવ્યશાસ્ત્ર કે અલંકારશાસ્ત્રના ઘણાખરા ગ્રંથોમાં જ્યાં-જ્યાં અપભ્રંશનું ઉદાહરણ આપવાનો પ્રસંગ આવ્યો છે. ત્યાં તે ઉદાહરણ ઘણુંખરું દોહા છંદમાં જ આપેલું હોય છે. કવિના વિવિધ ભાષાઓ (સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ વગેરે) વાપરવાના કૌશલ્યની વાત કરતાં સંસ્કૃત દોહાનાં ઉદાહરણ આપેલાં છે. આથી સ્વયંભૂદેવ અને હેમચંદ્ર જેવા છંદશાસ્ત્રીઓએ દોહા સંસ્કૃત ભાષામાં પણ રચાતા હોવાનું દૃષ્ટાંત સાથે નોંધ્યું છે. હેમચંદ્રે નોંધેલો સંસ્કૃત દુહો આ પ્રમાણે છે.:

मम तावान् मतमेतदिह, किमपि यदस्ति तदस्तु |

रमणीभ्यो रमणीयतरे अन्यत् किमपि न वस्तु ||

(મારો તો એવો મત છે કે આ જગતમાં જે કાંઈ હો તે ભલે હોય પણ રમણીય કરતાં રમણીય હોય એવી બીજી કોઈ પણ વસ્તુ નથી.)

હેમચંદ્રના પહેલાં ત્રણસો વરસે, નવમી શતાબ્દીમાં થઈ ગયેલા અપભ્રંશ મહાકવિ સ્વયંભૂદેવે પણ એ સંસ્કૃત દુહો ટાંક્યો છે. દુહો નહીં પણ દુહાનો એક પેટાપ્રકાર ઉપદોહક

अयि सखि साहसकारिणि किं तव चंद्रुमितेना |

ढसदिति भंगमवाप्स्यसि कुचयुग - भार भरेणा ||

(સખી તું (રીસમાં) વાંકી ચાલે હીંડવાનું સાહસ ન કર, સ્તનના ભારે બોજાને લીધે તું ક્યાંક તડ દઈને તૂટી પડીશ.)

આ ઉપરથી સૂચવાય છે કે સંસ્કૃતમાં શૃંગારિક વિષયના મુક્તકો દોહા છંદમાં રચવાની પણ એક પરંપરા હતી.[૨૬]

૫)

[1] *દુહાનો પ્રકાર ઘણો પ્રાચીન છે. માલધારી, ચારણ, આયર, રબારી, ભાટ વગેરે ગાય પ્રયોજે છે, સ્ત્રીઓ દુહા જવલ્લે જ ગાય છે.*

[2] *ગીતકથામાં કોઈ લોકકથા વાર્તાને સળંગ દુહાબદ્ધ રીતે રજૂ કરાય છે. ગીતકથાનું કર્તૃત્વ કોઈ અનામી ભાટ, ચારણ કે મીર ઢાઢીનું હોઈ શકે ખરું. આવી ગીતકથા દાયરામલ્લ એવા ભાટ, ચારણ, મીર વગેરેને કંઠસ્થ હોય છે. આ પ્રકારનું પ્રયોજન જેને શુદ્ધ તળપદ- 'લોકસાહિત્ય' કહેવાય તેમાં ઓછું છે. કારણ તે થોડું દાયરાલક્ષી છે.*[૨૭]

(1.7) દુહાની ઉત્પત્તિ :

ઉપર જોયેલાં વિદ્વાનોનાં મંતવ્યોના આધારે દુહાના મૂળની તપાસ કરીએ તો, નરોત્તમ પલાણ દુહાનાં મૂળ આઠમી સદીમાં ઈરાનથી આવેલા અગ્નિપૂજક આર્યોના જૂથમાંથી જુએ છે. હરિવલ્લભ ભાયાણી છઠ્ઠી શતાબ્દીથી શરૂ થયેલા અપભ્રંશ સાહિત્યમાં દુહાનાં મૂળ જુએ છે. આ તમામ મંતવ્યોની તાત્ત્વિક દૃષ્ટિએ સમીક્ષા કરતાં આટલી બાબતો નોંધી શકાય:

(૧) પિંગળમુનિ જે માત્રામેળ છંદ 'દ્વિપદી' અથવા 'દોધક' આપે છે એમાં દુહાનાં મૂળ જોઈ શકાય.

(૨) કે.કા. શાસ્ત્રી ઈ.સ.ની આઠમી સદીના અંતમાં ઈ.સ. ૭૭૯માં રચાયેલી ઉદ્દ્યોતનસૂરિકૃત પ્રાકૃત ગદ્યપદ્યાત્મક 'કુવલયમાલાકથા'માંથી દુહાનાં ઉદાહરણો શોધીને આ સમયગાળાને પુષ્ટિ આપે છે.

(૩) ઈ.સ. ૮૦૦-૮૫૦ વચ્ચે થયેલા રુદ્રટે પોતાના 'કાવ્યાલંકાર'માં ભાષાસમના ઉદાહરણ તરીકે અપભ્રંશ દોહરાનાં ઉદાહરણો નોંધ્યાં છે.

धीरा गच्छदु महेतमु दुद्धस्वारिस – दस्सु |
अभ्रमदप्पसरा हरणु रविकिरणो तेजस्सु ||

(૪) દસમી સદીમાં 'પરમાત્માપ્રકાશ' નામનો અપભ્રંશ ભાષાનો આખો ગ્રંથ દુહામાં લખાયેલો મળે છે.

(૫) મેરુતુંગે ઈ.સ. ૧૩૫૦માં રચેલ 'પ્રબોધચિંતામણિ'માં લોકકથાનકોમાંથી તત્કાલીન ભાષાનાં ઉદાહરણો આપ્યાં તે શુદ્ધ દુહા અથવા સોરઠાનાં છે.

तईं गरूआ गिरनार, काहु मणि मत्सरु धरिउं |
मारीता खेंगार अेक सिहर न ढालियउं ||

મુદાઓનો સમાનપણે વિચાર કરતાં આટલું નોંધી શકાય : ભાષા પરિવર્તનમાં વૈદિક સંસ્કૃતિ > પ્રશિષ્ટ સંસ્કૃત > પ્રાકૃત > અપભ્રંશ પરિવર્તનો આવ્યાં છે, એનું કારણ સામાન્ય લોકસમાજ શિષ્ટ ભાષા કરતાં લોકબોલીઓના પરિચયમાં વધારે હોય છે. આગળ જતાં આ લોકબોલીઓ જ શિષ્ટ ભાષાનું સ્વરૂપ ધારણ કરે છે. એ પછી એમાં સાહિત્યસર્જનની શરૂઆત થાય છે. એ પ્રમાણે પ્રાકૃત અને અપભ્રંશ પણ સાહિત્યની ભાષા બની.

પ્રાકૃત અને અપભ્રંશના સમયગાળા દરમ્યાન જ ભારતમાં વિધર્મીઓનાં ધાડાં ઊતરવાની શરૂઆત થઈ. ઈ.સ. ૭૧૨માં મહમ્મદ બિનકાસમે સિંધના રાજા દાહિરને હરાવીને સત્તા પ્રાપ્ત કરી લીધી. આ સાથે પ્રજાજીવનની ડામાડોળ સ્થિતિ શરૂ થઈ. આ સમયગાળામાં સાહિત્ય રાજ્ય સમુદાયમાંથી બહાર આવીને લોકસમુદાયમાં વિહરતું થયું. પરિણામે સાહિત્યમાં વિદ્વત્તાભોગ્યની જગ્યાએ લોકભગ્યતા આવી. પરિણામે સંસ્કૃત વૃત્તોની જગ્યાએ માત્રામેળ વૃત્તોનું મહત્ત્વ વધ્યું. આ માત્રામેળ વૃત્તોમાં દુહો વિશેષ લોકચાહના પામ્યો એના પુરાવા આઠમી સદીથી મળે છે.

ટૂંકમાં, પિંગળમુનિના દ્વિપદી અથવા દોહકમાં દુહાનાં બીજ પડ્યાં છે. ઉદ્દ્યોતનસૂરિના 'કુવલયમાલાકથા' દુહાના અંકુર જોઈ શકાય છે. આઠમી સદીમાં દુહો લોકસાહિત્યમાં ફરતો થયો અને દસમી સદીમાં દુહો સમગ્ર કૃતિના ધારક તરીકે સ્થાન પામ્યો.

(1.8) દુહાના પ્રકારો :

જુદા-જુદા વિદ્વાનોએ બતાવેલા દુહાના પ્રકારો જોઈએ તો,

(૧) ગોકુલદાસ રાયચુરા દુહાના ચાર પ્રકાર ગણાવે છે.

(૧) દુહો અથવા દોહરો

(૨) સોરઠિયો દુહો અથવા સોરઠો

(૩) મધ્યમેળ દુહો

(૪) દોઢિયો દુહો.

(૨) રતુભાઈ રોહડિયા દુહાના પાંચ પ્રકાર પાડે છે.

(૧) દુહો

(૨) મોટો દુહો (સાંકળિયો દુહો)

(૩) તુંવેરી દુહો

(૪) ખોડો દુહો

(૫) સોરઠો દુહો

(૩) પ્રભાશંકર રા. તેરૈયા ચાર પ્રકાર ગણાવે છે.

(૧) દુહો

(૨) સોરઠો

(૩) તુંવેરી

(૪) મોટો દુહો.

આ તમામમાંથી આપણે સર્વસામાન્ય પાંચ પ્રકાર નીચે પ્રમાણે સ્વીકારી શકીએઃ

(૧) દુહો

(૨) સોરઠો

(૩) તુંવેરી દુહો

(૪) સાંકરિયો દુહો

(૫) ખોડો દુહો.

આ પાંચે દુહાઓને એનાં ચરણોના માપ પ્રમાણે જોઈએ તો

ક્રમ	દુહાના પ્રકારો	ચરણ-૧	ચરણ-૨	ચરણ-૩	ચરણ-૪	કુલ
૧	દુહો	૧૩	૧૧	૧૩	૧૧	૨૪
૨	સોરઠો	૧૧	૧૩	૧૧	૧૩	૨૪
૩	તુંવેરી	૧૩	૧૧	૧૧	૧૩	૨૪
૪	સાંકળિયો	૧૧	૧૩	૧૩	૧૧	૨૪
૫	ખોડો	૧૩	૧૧	૧૩	૦૯	૨૧

❖ દુહાના પ્રકારો સદૃષ્ટાંત

૧) દુહો :

દુહામાં પ્રથમ અને ત્રીજા ચરણમાં ૧૩ માત્રા અને બીજા અને ચોથા ચરણમાં ૧૧ માત્રા હોય છે. અંતે ' ગાલ ' પ્રત્યયનો પ્રાસ મળે છે.

૨૧૧ ૧૧૨ ૨૧૨ ૨૨ ૧૧૨ ૨૧ - ૨૪
કંચન વરણી કામની, ચંપા વરણાં ચીર;

મન હરની ઘરની નહીં, કરની મેં તકસીર.[૨૮]

૧૧ ૧૨ ૨૨ ૧૧૧૨ ૨૧ ૧૨૨ ૨૧ - ૨૪
મિત્રુ નઈ કોઈ મલકમાં, વિશ્વ બધાથી વેર;

એકલ આથડાતો ફરે, એનું જીવન ખારું ઝેર.

૨) સોરઠો- સોરઠિયો :

સોરઠામાં દુહાનાં ચરણોને ઉલટાવી દેવામાં આવે છે. પ્રથમ અને ત્રીજા ચરણમાં ૧૧ માત્રા અને બીજા અને ચોથા ચરણમાં ૧૩ માત્રા હોય છે. પહેલા અને ત્રીજા ચરણમાં ગાલથી પ્રાસ મળે છે.

૧૨૨ ૧ ૨ ૨૧, ૧૧ ૨૨ ૧ ૧૨ ૧૨ - ૨૪
મળીયો તું સે મેળ, મન બીજે જ મળે નહીં;
ભળીયું સાકર ભેળ, દૂધ ને ચોખા દાદવા.[૨૯]

૨૧૧ ૨૨ ૨૧, ૧૧ ૨૧૧ ૨૨ ૧૨ -૨૪
કાળપ મૂકે કેશ, મન કાળપ મૂકે નહીં;
વિપરીત થતા વેશ, વે ગયે વલખા રહ્યા.[૩૦]

૩) તુંવેરી દુહો :

તુંવેરી દુહામાં પહેલા અને ચોથા ચરણમાં ૧૩, ૧૩ માત્રા અને બીજા અને ત્રીજા ચરણમાં ૧૧, ૧૧ માત્રા હોય છે. બીજા અને ત્રીજા ચરણમાં 'ગાલ' પ્રાસ મળે છે.

પોતાનાં પડતાં કરી, જી તી ભેળું **જાય;**
ભેંસલું ઢોર **ભણાય**, *સાચું સોરઠિયો ભણે.*[૩૧]

બીજાને જૂઠા કહે, પોતે બોલે **રોજ,**
એનો પડે થઈ **બોજ,** *સાચું સોરઠિયો ભણે.*[૩૨]

૪) સાંકળિયો દુહો :

તેના પ્રથમ અને ચોથા ચરણમાં ૧૧,૧૧ માત્રા અને બીજા અને ત્રીજા ચરણમાં ૧૩, ૧૩ માત્રા હોય છે. એના પહેલા અને ચોથા ચરણનો પ્રાસ મળે છે.

સોજિ તણાં **સપ્રેય,** *દાદુવા દુધ વાઈ રિયા,*

*ધન દેયુ ધીણજ હી, ગળિયું ગુદ્ર **લગેય.**[૩૩]*

*પારેવાં જી **રતિયું,** સરજી એ તો પાંસરિયું,*
*ઘાટે કસુંબે ઘુંટિયું, વાલમજી **અંખિયું**.*

૫) ખોડો દુહો :

પ્રથમ અને ત્રીજા ચરણમાં ૧૩ માત્રા, બીજા ચરણમાં ૧૧ માત્રા અને ચોથા ચરણમાં ૦૯ માત્રા હોય છે. અંતે પ્રાસ મળે છે.

*અષાઢે તો હળ હાંકે, લાડકવાયી **ધી**,*
*બૈયર હોઈ પૂછણે, એના વાંક **દી.**[૩૪]*

આ સિવાય દુહાના પ્રકાર તરીકે દોઢિયો દુહો પ્રચલિત છે. દોઢિયા દુહામાં દુહાનાં છ ચરણ હોય છે. આ સિવાય દુહા અને રોળાછંદના મિશ્રણથી કુંડળિયો અને છકડિયો બને છે.

(1.9) કાવ્યપ્રકાર તરીકે દુહાનાં લક્ષણો :

દુહાના વિસ્તૃત અભ્યાસ પછી દુહાના નીચે જેવાં લક્ષણો આપણે નોંધી શકીએ:

(૧) નિયત માપની કાવ્યરચના.

(૨) નિયત માપનાં ચરણોની અદલાબદલીથી એક કરતાં વધારે પ્રકાર સાધતું કાવ્યસ્વરૂપ.

(૩) પ્રાકૃત - અપભ્રંશથી વર્તમાન સમય સુધી વહેતું કાવ્યસ્વરૂપ

(૪) એક કરતાં અનેક ભાષામાં વિહાર કરતું કાવ્યસ્વરૂપ

(૫) શિષ્ટ સાહિત્ય અને લોકસાહિત્યમાં સમાન આદર પામતું કાવ્યસ્વરૂપ

(૬) સાગર જેટલું ઊંડાણ અને બ્રહ્માંડ જેટલી વિશાળ ભાવસૃષ્ટિ ધરાવતું કાવ્યસ્વરૂપ

(૭) માનવમનનાં ઊંડાણોને ઉજાગર કરતું કાવ્યસ્વરૂપ

(૮) પ્રેમ અને પ્રકૃતિમાં સમાન આદર પામતું કાવ્યસ્વરૂપ

(૯) દુહો ઈતિહાસનો વાહક

૧) નિયત માપની કાવ્યરચના :

દુહો નિયત માપની કાવ્યરચના છે. દુહામાં ૨૪ માત્રા અનિવાર્ય છે. દુહાના પ્રથમ અને ત્રીજા ચરણમાં ૧૩ માત્રા અને બીજા અને ચોથા ચરણમાં ૧૧ માત્રા મળીને ૨૪ માત્રા અનિવાર્ય છે. એ દૃષ્ટિએ દુહો શિષ્ટ સાહિત્યરચના બને છે.

દુહો ૨૪ માત્રાનો છંદ છે પરંતુ એનાં ચાર ચરણોમાં ભાવની અસાધારણ એવી ચોટ સાધી શકે છે, પરિણામે દુહો છંદ કરતાં કવિતા તરીકે વિશેષ ખ્યાતિ પ્રાપ્ત કરે છે.

૨) નિયત માપમાં ચરણોની અદલાબદલીથી એક કરતાં વધારે પ્રકાર સાધતું કાવ્યસ્વરૂપ :

દુહામાં ૨૪ માત્રા અનિવાર્ય છે પરંતુ આ ૨૪ માત્રાઓના ક્રમને ઉલટાવવાથી સોરઠો, તુંવરી, સાંકળિયો ખોડો દુહો જેવાં અન્ય સ્વરૂપો મળે છે. દુહાનાં ચાર ચરણના માપમાં પ્રથમ અને ત્રીજા ચરણમાં ૧૩ માત્રા અને બીજા અને ચોથા ચરણમાં ૧૧ માત્રા હોય છે, આ જ માત્રાને ઉલટાવવાથી નીચે જેવા પ્રકારો પ્રાપ્ત થાય છેઃ

ક્રમ	દુહાના પ્રકારો	ચરણ-૧	ચરણ-૨	ચરણ-૩	ચરણ-૪	કુલ
૧	દુહો	૧૩	૧૧	૧૩	૧૧	૨૪

૨	સોરઠો	૧૧	૧૩	૧૧	૧૩	૨૪
૩	તુંવેરી	૧૩	૧૧	૧૧	૧૩	૨૪
૪	સાંકળિયો	૧૧	૧૩	૧૩	૧૧	૨૪
૫	ખોડો	૧૩	૧૧	૧૩	૦૯	૨૧

આમ, દુહો નિયત માપમાં રહીને અન્ય પ્રકારોમાં પરિવર્તન પામે છે.

૩) પ્રાકૃત - અપભ્રંશથી વર્તમાન સમય સુધી વહેતું કાવ્યસ્વરૂપ :

સંસ્કૃતનો લાક્ષણિક છંદ અનુષ્ટુપ, પ્રાકૃતનો લાક્ષણિક છંદ ગાથા એ જ પ્રમાણે અપભ્રંશનો લાક્ષણિક છંદ દોહો - દુહો. સંસ્કૃતના કાવ્યશાસ્ત્ર કે અલંકારશાસ્ત્રના ઘણાખરા ગ્રંથોમાં જ્યાં જ્યાં અપભ્રંશનું ઉદાહરણ આપવાનો પ્રસંગ આવ્યો છે ત્યાં ઘણુંખરું તો ઉદાહરણો દોહરા - દુહામાં આપવામાં આવ્યાં છે. આથી સ્વયંભૂદેવ અને હેમચંદ્ર જેવા છંદશાસ્ત્રીઓએ દોહા સંસ્કૃત ભાષામાં પણ રચાતા હોવાનું દૃષ્ટાંત સાથે નોંધ્યું છે. હેમચંદ્રએ નોંધેલો સંસ્કૃત દુહો જોઈએ.

मम तावान मतमेतदिह किमपि यदस्ति तदस्तु ।
रमणीभ्यो रमणीयतंर अन्यत किमपि न वस्त ॥

(મારો તો એવો મત છે કે આ જગતમાં જે કંઈ રમણીય હોય તે ભલે હો. પણ રમણીય કરતાં વધુ રમણીય હોય એવી બીજી કોઈ વસ્તુ નથી.)

અપભ્રંશમાં લખાયેલો દુહો જોઈએ.

દુહો તિહાં કહી જી, જિહાં હોઈ લોય સુજાણ;

અધુરઈ પુરઈ કરઈ, પુરઈ કરઈ વખાણ.

(દુહો ત્યાં કહેવો, જ્યાં સુજાણ લોકો હોય જેઓ અધૂરો દુહો પૂરો કરે અને પૂરો થયે વખાણ કરે.)

જૂની ગુજરાતીમાં લખાયેલો દુહો જોઈએ.

સજ્જન વલ્લહા રે સખી, હીઈ ખટકે તંન,

પન જિમનાં સુતાં બેસતાં, જિહાં સજ્જન તિહાં મંન.

(હે સખી મને સજ્જન ખૂબ વહાલા છે પણ શું કરું આ શરીર વચ્ચે આવે છે. છતાં પણ મન તો સૂતાં બેસતાં સાજન સાથે જ છે.)

અર્વાચીન લોકબોલીમાં લખાયેલો દુહો જોઈએ.

વાતડીઉં વિજોગનું, વધી વડ થિયું;

સજ્જન કો મળિયાં નહિ, દુર્જનને ન કિયું.

(મારા વિયોગની વાતો વધીને વડ જેવડી થઈ ગઈ પણ શું કરું ? સજ્જન કોઈ મળ્યાં નહીં અને દુર્જનને કહી નહીં.)

આમ, દુહો પ્રાકૃત અપભ્રંશકાળથી લઈને અત્યાર સુધી વહેતો આવ્યો છે.

૪) એક કરતાં અનેક ભાષામાં વિહાર કરતું કાવ્યસ્વરૂપ :

દુહો એક કરતાં અનેક ભાષામાં પોતાનું નિયત માળખું જાળવીને ફરતો રહ્યો છે. દુહો હિન્દી, વ્રજ, મારવાડી, ગુજરાતી, કચ્છી ભાષામાં મળે છે. જેમ કે,

प्रितम उनको जानीये, जीनके अंतर नाय;

दादुर तो जल बिन जीये, मीन तुरत मर जाय. [35]

प्रीतम अेसी जाणती, प्रीत कीअे दु:ख होय;
शहर दुहाई फेरती, प्रीत करो मत कोय.36

माठुडो मनमांय के ताक घाट घडे;
सो गालडियुं सच्चियुं, जो किरतार करे.37

મળશે કોઈ દિન માનવી, દેશ વિદેશ ગિયાં;
*વો સાજણ નહિ સાંપડે, જે ધરતીઢંક થિયાં.*૩૮
ગુજરાતી ભાષામાં

તોરલે ત્રે નર તાર્યા, સાંસતીયો ને સધીર;
*જેશર જગજો ચોરટો સે, ભન્યો પરમેં પીર.*૩૯
કચ્છી બોલીમાં

આમ, દુહો એક કરતાં અનેક ભાષામાં સમાનપણે વિહાર કરતો જોવા મળે છે.

૫) શિષ્ટ સાહિત્ય અને લોકસાહિત્યમાં સમાન આદર પામતું કાવ્યસ્વરૂપ :

દુહો શિષ્ટસાહિત્ય અને લોકસાહિત્યમાં સમાન આદર પામતું કાવ્યસ્વરૂપ છે. દુહાની લોકપ્રિયતા દુહાને શિષ્ટ સાહિત્યમાંથી લોકસાહિત્યમાં ઓગાળી દે છે. દુહો લખાય છે કવિ દ્વારા પરંતુ લોકજીવનમાં એટલો ઓગળી જાય છે કે પછી એનો સર્જક ગૌણ બની જાય છે અને દુહો લોકસાહિત્યમાં પરિવર્તન પામે છે. અપભ્રંશકાળથી કવિઓમાં વિશેષ ચાહના પામેલ છંદ તરીકે દુહો વિશેષ પ્રખ્યાત છે. સ્વયંભૂદેવથી માંડીને પ્રવર્તમાન સમયના કવિઓએ પોતાની કવિતાના માધ્યમ તરીકે દુહાને પસંદ કર્યો છે. ઉદાહરણ સાથે જોઈએ.

રસતરસ્યાં જગબાળ, રસની રીત ન ભૂલશો;
પ્રભુએ બાંધી પાળ, રસસાગરની પુણ્યથી.

(ન્હાનાલાલ)

નાત, જાત ને દેશ, વેશ બધા વેપારીને;
સંતો, શાયર, પ્રેમીઓ, એ ત્રણ વાડા બ્હારના.

(ઉશનસ્)

એકલ દેતા દાન જે, એકલા ઝૂઝતા જંગ;
એકલ જગનિન્દા સહે, એ મરદોને રંગ.

(શેષ)

મારે ફળિયે પાંગર્યો, તમે નામનો છોડ;
પ્હેર્યો લીલો મોડ, મારી ખંડેરવંતી મેડીએ.

(રમેશ પારેખ)

આમ, વર્તમાન સમય સુધીના કવિઓની કવિતામાં દુહાનો પ્રયોગ થતો રહ્યો છે.

૬) સાગર જેટલું ઊંડાણ અને બ્રહ્માંડ જેટલી વિશાળ ભાવસૃષ્ટિ ધરાવતું કાવ્યસ્વરૂપ :

૨૪ માત્રાના દુહામાં ભાવની દૃષ્ટિએ સાગર જેટલું ઊંડાણ અને બ્રહ્માંડ જેટલી વિશાળતા જોવા મળે છે. દુહો ભાવની દૃષ્ટિએ પ્રત્યેક વિષયમાં એકસરખી સુરેખ ગતિ કરે છે. પ્રેમ અને વેદના, સુખ અને દુઃખ, જાતિ અને અજાતિ, પાપ અને પુણ્ય, ત્યાગ અને બલિદાન, પ્રકૃતિ અને સંસ્કૃતિ તમામને દુહો પોતાનામાં સમાવવાની ક્ષમતા રાખે છે. સદૃષ્ટાંત જોઈએ.

બીજક રેતાં બાપ બિયો, જનમતાં મૂઈ મા;
ઘણ વીતી ઘણ વીતશે, ઘણા પડશે ઘા.[૪૦]

પ્રસ્તુત દુહામાં શિષ્ટ સાહિત્યની ઉત્તમોત્તમ કૃતિઓની સાથે બેસી શકે એટલી ભાવની વિશાળતા અને ગહનતા પડી છે.

મન માન્યું ત્યાં માનવી, ન જુવે હીરા હેમ;
બાંધ્યાં રાખ્યાં નવ રહે, પાણી, પવન ને પ્રેમ.[૪૧]

પ્રસ્તુત દુહો પ્રેમની રીતને અદ્ભુત રીતે ઉજાગર કરે છે.

માતા હાથ ભોજન મળે, પુત્ર હાથ ગૃહકાજ;
ધર્મકાર્ય પત્ની કરે, એ છે સ્વર્ગનું રાજ.[૪૨]

પૃથ્વી પર સ્વર્ગની આથી વિશેષ કલ્પન કઈ હોઈ શકે ?

સજન પ્રીત ન કીજિયે, અણસમજુ કે સંગ;
દીપક કે મનપે નહીં, ઝુર-ઝુર મરે પતંગ.[૪૩]

પ્રસ્તુત દુહામાં કવિએ એકતરફી પ્રેમને વર્ણવ્યો છે.

આમ, દુહામાં ભાવની ગહનતા અને વિચારોનું ઊંડાણ જોવા મળે છે.

૭) માનવમનનાં ઊંડાણોને ઉજાગર કરતું કાવ્યસ્વરૂપ :

દુહાએ માનવમનના અતલ ઊંડાણને પોતાની અંદર વાચા આપી છે. જીવનનાં તમામ ક્ષેત્રોને પોતાના ભીતરમાં સમાવી લીધા છે. પ્રેમની આરજૂ, વિરહની વેદના, બલિદાનની ભવ્યતા, ખાનદાનની ખુમારી, વેરનું ઝેર, સત્યની તાકાત, સત્તાની લાલચા, ભક્તિનો ભગવો, દાનની ઉદરતા, સતિનાં શિયળ, બહારવટિયાની ખુમારી, ટૂંકમાં, જીવનના તમામ ખૂણામાં દુહો ફરી વળ્યો છે. એનાં કેટલાંક દષ્ટાંતો જોઈએ.

સંગત બિચારી શું કરે, જેનું હૃદય કઠોર;
બાર પોર પાણી ચઢે, પથ્થર ન ભીંજે કોર.[૪૪]

(સંગતનો કોઈ ફેર પડતો નથી. જ્યાં વ્યક્તિ પોતે જ ખરાબ હોય ત્યાં બીજા શું કરી શકવાના. આમ તો પથ્થર આઠે પહોર પાણીમાં જ રહે છે પણ તેનામાં પાણીના ગુણ ક્યાં આવે છે.)

આયા હેસો જાયગા, રાજા રંક ફકીર;
કોઈ સિંહાસન ચઢ ગયે, કોઈ પેરે જંજીર.[૪૫]

(જેનો દુનિયામાં જન્મ થાય છે એને એક દિવસ અવશ્ય જવું જ પડે, પછી ભલે તે રાજા હોય કે ફકીર, પણ તેનાં કાર્યો હંમેશા યાદ રહી જાય છે. જીવનમાં કોઈ સિંહાસન પર બેસે છે તો કોઈ પોતાના હાથમાં હાથકડીઓ પહેરે છે.)

દિન ગણતાં માસ ગયા, વર્ષે આંતરીયાં;
સૂરત ભૂલી શાયબા, નામે વિસરીયાં.[૪૬]

(હે ! સાહેબા દિવસો ગણતાં ગણતાં વર્ષો વીતી ગયાં પણ ન તો તું આવ્યો કે ન તારો સંદેશો આવ્યો, હવે તો તારો ચહેરો પણ સ્મરણમાં ઝાંખો પડી ગયો. તું કોઈ તો સંદેશો મોકલ.)

જોબન પુછે જરાને, પ્રીત કેટલામાં હોય;
લાગે જબ લેખું નહીં, તૂટે ટાંક ન હોય.[૪૭]

(પ્રસ્તુત દુહામાં લોકકવિએ રૂપકની ગૂંથણી કરી છે. યુવાની ઘડપણને પૂછે છે, પ્રેમ કેટલા સમય સુધી હોય છે. ત્યારે ઘડપણે જવાબ આપ્યો - પ્રેમ તો અજીબ હોય છે, થાય ત્યારે તેમાં કોઈ હિસાબ હોતો નથી અને તૂટે ત્યારે એમાં કોઈ ટાંકા લઈ શકતું નથી.)

આમ, દુહામાં માનવમનના અતલ ઊંડાણને પામવાનો પ્રયત્ન થાય છે.

૮) પ્રેમ અને પ્રકૃતિમાં સમાન આદર પામતું કાવ્યસ્વરૂપઃ

દુહો આમ, તો જીવનના તમામ અંશોને પોતાની અંદર સમાવે છે પરંતુ દુહો વિશેષ ખીલે છે પ્રેમ અને પ્રકૃતિના નિરૂપણમાં. દુહામાં શૃંગારનો સાગર હિલોળાય તો વિપ્રલંભનાં મોજાં હૃદયના કિનારા સુધી આવી આવીને ફીણ ફીણ થઈ જાય. દુહામાં શૃંગારનાં ઉદાહરણ જોઈએ.

<u>વિપ્રલંભ શૃંગાર</u>

સપનો આયો આપકો, ઢલતી માઝમ રાત;
બેરણ આંખ્ય ખુલ ગઈ, નહીં પાયે પરભાત.[૪૮]

(ઢળતી રાતે સાજનનું સ્વપ્નું આવ્યું, પણ ત્યાં તો આ વેરણ આંખો ખૂલી ગઈ અને સ્વપ્નું તૂટી ગયું. હવે સાજન તમને હું ક્યાં શોધું ?)

મેંદી રગડું ભીતકે, દેઉ હાર ઉતાર;
બાલમ વિન માલુમ પડે, સબ ફીકો શણગાર.[૪૯]

(સાજન વિના આ શણગાર પણ શું કામના? મહેંદી હું આમ ફેંકી દઉં. મારા તમામ શણગારને પણ ઉતારીને નાખી દઉં. મારા પ્રિતમ વગરનો આ તમામ શણગાર સાવ ફિક્કો છે.)

લાગી હત જો લા, તો તો આડા ફરીને ઓલવત,
પણ દલડે લાગે દા, આ તો હડેડ્યો ડુંગર હેમીઆ.[૫૦]

(જો શરીરમાં કોઈ જગ્યાએ આગ લાગી હોતને તો અમે આડા પડીને ઓલવી શકીએ પણ આ તો હૃદયમાં આગ લાગી એને કેમ ઓલવીએ ? એકાદ પથ્થર જો ખરેડે તો એને રોકી શકાય પણ જ્યાં આખો પર્વત તૂટી પડે એને કેમ રોકવો.)

દુહામાં સંયોગ શૃંગાર

પહેલો પહોરો રેનરો, દીવડા ઝાકમઝોળ;
પિયુ કંટાળો કેવડો, ધણ્ય કંકુની લોળ્ય.

બીજો પહોરો રેનરો, વધિયા નેહ-સનેહ;
ધણ્ય ધરતી હો રહી, પિયુ અષાઢો મેહ.

ત્રીજો પહોરો રેનરો, દીવડા સાખ ભરે;
ધણ્ય જીતી પિયુ હારિયો, રાખ્યો હાર કરે.

ચોથો પહોરો રેનરો, બોલ્યા કુકડ કાગ;
ધણ્ય સંભાળે કંચવો, પિયુ સંભાળે પાઘ.

આઠમો પહોરો દિવસરો, ચડી દીવલડે વાટ;
ધણ્ય મરકે ને પિયુ હસે, ફેરબિછાવો ખાટ.[૫૧]

પ્રસ્તુત દુહાઓમાં જલ્દ સંયોગ શૃંગારનું નિરૂપણ થયું છે.

<u>પ્રકૃતિનું નિરૂપણઃ</u>

માનવમનને જ્યાં પણ પ્રકૃતિનાં દશ્યો ગમી ગયાં ત્યાં અને કવિતામાં ઉતારવાનો પ્રયત્ન થયો છે. માનહૈયું ખીલે છે પ્રકૃતિની પાર્શ્વભૂમાં. પ્રકૃતિની ઓથે માણસે પોતાના હૈયાના ભાવ હંમેશા ગાયા છે. દુહામાં પણ આ પ્રકૃતિસૌંદર્ય ઊતરી આવ્યું છે.

(૯) દુહો ઇતિહાસકનો વાહક

મુદ્રણકલાની શોધ થઈ ન હતી ત્યારથી સંસ્કૃતિના ઇતિહાસને જાળવી રાખવા માટે કવિઓ અને વિદ્વાનોએ સૂત્રાત્મક શૈલીમાં ઇતિહાસને જાળવવાનો પ્રયત્ન કર્યો હતો. આપણા ઋગ્વેદનો વારસો પણ આ જ રીતે સચવાયો હતો. એ જ રીતે મધ્યકાળના રાજા-મહારાજાઓના ઇતિહાસને જાળવવામાં પણ દુહાએ અગત્યની ભૂમિકા નિભાવી છે. રાજાઓનાં પરાક્રમો અને વીરગતિની વાતોમાંથી આપણને ઇતિહાસની કડીઓ મળી રહે છે.

'શ્રી મેઘાણી ગઢવીના પિતાશ્રી સ્વ. મેઘાણંદભાઈ ગઢવીને છસ્સો વર્ષનો રા. ચુડાસમાનો ઇતિહાસ દુહા સ્વરૂપે કંઠે હતો એમ સ્વ. રાયચુરા માને છે.' [૫૨]

'દુહામાં રજૂ થતી લોકલાગણી વેદોની માફક ચિરંજીવી બની અનેક સદીઓથી કંઠોપકંઠ From laps to laps *વહેતી આવી છે.'* [૫૩]

ઢોલામારુ, હોથલ પદમણી, શેણી-વીજાણંદ, સોન હલામણ, સોન રાખયત, માંગડાવાળો, મેઉજળી, ખીમરો-લોડણ, લાખણશી અને ગોરલ, દેવરો એ તમામ ગીતકથાઓ આજે દુહાઓને લીધે જ જીવતી રહી છે.

(1.10) દુહો લોકસાહિત્યનું સ્વરૂપ કે શિષ્ટ સાહિત્યનું સ્વરૂપ :

દુહાને પહેલી નજરે જોતાં તો તે કોઈ કવિનું જ સર્જન લાગે કારણ કે અભણ વ્યક્તિ માટે કે લોકસમૂહ માટે ક્યારેય નિયત માત્રાની રચના કરવાનું શક્ય નથી. લોકસમૂહ દ્વારા રચવામાં આવેલાં લોકગીતોમાં નિયત માપ હોતું નથી પરંતુ તેમાં લોકગીતના ઢાળ ગુંજતા હોય છે. લોકગીતમાં અક્ષરોની જગ્યાએ શબ્દો બદલી નાખીએ તો પણ લાંબો ફરક પડતો નથી. એકનું એક લોકગીત અલગ અલગ પ્રદેશ પ્રમાણે અલગ અલગ ઢાળમાં ગવાતું જોવા મળે છે.

લોકગીત સમૂહ દ્વારા રચાતા હોવાથી તેમાં સમૂહની ભાવનાનો પડઘો સંભળાય છે. વ્યક્તિગત કલ્પનાઓને લોકગીતમાં સ્થાન નથી. લોકગીતમાં પ્રયોજાયેલા અલંકારો પણ સહજ હોય છે - વનફૂલો જેવા.

લોકગીતો પ્રસંગો અને લોકવિધિઓ અનુસાર કળતા હોય છે. પ્રસંગના મહત્ત્વને સમજાવવા અને ટકાવી રાખવા માટે લોકસાહિત્ય રચાતું રહ્યું છે. પરિણામે લોકસાહિત્યમાં સામાજિક મૂલ્યો, પરંપરાઓ અને માન્યતાઓનો પડઘો વિશેષ સંભળાય છે.

આનાથી તદ્દન ઊલટું શિષ્ટ સાહિત્યમાં જોવા મળે છે. કવિની ભવ્ય કલ્પના, કલ્પનાનું સુંદર આયોજન, પ્રયોજિત અલંકારો અને વ્યક્તિગત સંવેદનાઓનું મહત્ત્વ હોય છે. લોકસાહિત્ય અને શિષ્ટ સાહિત્યની આ ભેદરેખા છે.

દુહાની વાત કરીએ તો દુહામાં વ્યક્તિગત કલ્પનાઓ, પ્રયોજિત અલંકારો અને નિયત માપની રચનાઓ છે એટલે દુહો સમૂહગત નહીં પણ વ્યક્તિગત સર્જન છે. તો સ્વાભાવિક પ્રશ્ન એ થાય દુહાને લોકસાહિત્યની રચના કઈ રીતે કહી શકાય ?

તેનો ટૂંકો ઉત્તર એટલો - દુહો વ્યક્તિગત સર્જન હોવા છતાં પણ લોકસમુદાય વચ્ચે એવી રીતે પ્રવાહિત થયો છે કે તેના સર્જકનાં નામ એમાં ગૌણ બની ગયાં છે. દુહાઓ જીવતા રહ્યા છે લોકોના કંઠમાં, ભાષા પરિવર્તન સાથે દુહાની ભાષામાં પણ પરિવર્તન થતું રહ્યું છે. રા'ખેંગાર અને રાણકદેવડી, ઊજળી અને મેહ જેઠવો વગેરે જેવી કથાઓનો અભ્યાસ કરતાં આ વસ્તુનો ખ્યાલ આવે છે. આ કથાઓના દુહા કોણે લખ્યા, ક્યારે લખાયા તે શોધવા બેસીએ તો પણ આપણને મળવા મુશ્કેલ છે. દુહાઓની લોકપ્રિયતાને લીધે પાઠાંતરો પણ મળે છે.

સાહિત્ય જ્યારે લોકહૃદય સુધી પહોંચે ત્યારે તે કોઈ સર્જકનું સાહિત્ય રહેતું નથી પણ સમૂહનું સાહિત્ય બની જાય. દુહા, સંતવાણી અને લોકઆખ્યાનોએ સમાજને એક તાંતણે બાંધી રાખવાનું કામ કર્યું હતું.

દુહાએ તમામ બંધનો વટાવીને લોકસમુદાયના હૃદયમાં સ્થાન મેળવ્યું હતું. દુહામાં કોઈ એક સર્જક નથી બોલતો પણ આખા પ્રદેશની ભાવના બોલતી હોય એવું લાગે છે. તો પછી દુહાને આપણે શિષ્ટ સાહિત્ય કઈ રીતે કહી શકીએ.

<u>સંદર્ભ-સૂચિ : પ્રકરણ - ૦૧</u>

(1) *લોકસાહિત્ય શાસ્ત્ર - ડો.બાપુરાવ દેસાઈ - પૃષ્ઠ* 16

(2) *એજન - પૃષ્ઠ* 15

(3) *એજન - પૃષ્ઠ* 19

(4) એજન - પૃષ્ઠ 15

(5) એજન - પૃષ્ઠ 16

(6) લોકસાહિત્ય - ગુજરાતી લોકગીત - ડો. પ્રભાશંકર તેરૈયા અને નરોત્તમ પલાણ - પૃષ્ઠ 05

(7) લોકસાહિત્યનું સમાલોચન - ઝવેરચંદ મેઘાણી - પૃષ્ઠ 45

(8) લોકસાહિત્ય વિમર્શ - જયમલ્લ પરમાર - પૃષ્ઠ 20

(9) લોકગુર્જરી - અંક - ૨ - કે.કા. શાસ્ત્રી - પૃષ્ઠ 67

(10) લોકગુર્જરી - અંક - ૧૪ - ડો. બળવંત જાની - પૃષ્ઠ 06

(11) લોકસાહિત્ય - ગુજરાતી લોકગીત - ડો. પ્રભાશંકર તેરૈયા અને નરોત્તમ પલાણ - પૃષ્ઠ 05

(12) લોકવાઙમય - કનુભાઈ જાની - પૃષ્ઠ 20

(13) મેઘાણી વંદના(વાક્ વિશેષાંક) - ડો. બળવંત જાની - પૃષ્ઠ 33

(14) લોકસાહિત્યનું સમાલોચન - ઝવેરચંદ મેઘાણી - પૃષ્ઠ 83

(15) લોકસાહિત્યનું ધરતીનું ધાવણ - ઝવેરચંદ મેઘાણી - પૃષ્ઠ 352

(16) ચુંદડી ભાગ -૧ - ઝવેરચંદ મેઘાણી - પૃષ્ઠ 57

(17) संक्षिप्त हिंदी शब्द सागर – नागरी प्रचारिणी सभा, काशी, पृष्ठ–५००

(18) ભગવદ્ગોમંડલ-ભાગ -૦૫, પૃષ્ઠ 4486-4487

(19) સાર્થ ગુજરાતી જોડણીકોશ - પૃષ્ઠ 448

(20) બૃહદ્ ગુજરાતી કોશ - ભાગ-૨, પૃષ્ઠ 1163

(21) મોટો કોશ - રતિલાલ સાં. નાયક - પૃષ્ઠ 296

(22) ગુજરાતી વિશ્વકોશ- ખંડ- ૦૯ - પૃષ્ઠ 317

(23) લોકસાહિત્યનું સમાલોચન - ઝવેરચંદ મેઘાણી - પૃષ્ઠ 237-238

(24) દુહો દસમો વેદ - જયમલ્લ પરમાર - પૃષ્ઠ 33

(25) લોચન - નરોત્તમ પલાણ - પૃષ્ઠ 184-186

(26) દુહો દસમો વેદ - જયમલ્લ પરમાર - પૃષ્ઠ 71-72

(27) ગુજરાતનાં લોકગીતો - ખોડીદાસ પરમાર - પૃષ્ઠ 36

(28) સોરઠી દુહાની રમઝટ - ગોકુલદાસ રાયચુરા - મેરુભા ગઢવી, પૃષ્ઠ 06

(29) એજન - પૃષ્ઠ 06

(30) એજન - પૃષ્ઠ 21

(31) એજન - પૃષ્ઠ 31

(32) એજન - પૃષ્ઠ 31

(33) દુહો દસમો વેદ - જયમલ્લ પરમાર - પૃષ્ઠ 190

(34) સોરઠી દુહાની રમઝટ - ગોકુલદાસ રાયચુરા - મેરુભા ગઢવી, પૃષ્ઠ 15

(35) દુહો દસમો વેદ - જયમલ્લ પરમાર - પૃષ્ઠ 567

(36) એજન - પૃષ્ઠ 567

(37) એજન - પૃષ્ઠ 567

(38) એજન - પૃષ્ઠ 573

(39) એજન - પૃષ્ઠ 85

(40) એજન - પૃષ્ઠ 644

(41) એજન - પૃષ્ઠ 666

(42) એજન - પૃષ્ઠ 668

(43) એજન - પૃષ્ઠ 682

(44) કાઠિયાવાડી જવાહીર - ખીમજી વસનજી - પૃષ્ઠ 87

(45) એજન - પૃષ્ઠ 103

(46) એજન - પૃષ્ઠ 122

(47) એજન - પૃષ્ઠ 124

(48) દુહો દસમો વેદ - જયમલ્લ પરમાર - પૃષ્ઠ 569

(49) એજન - પૃષ્ઠ 569

(50) એજન - પૃષ્ઠ 573

(51) લોકસાહિત્યનું સમાલોચન - ઝવેરચંદ મેઘાણી - પૃષ્ઠ 166

(52) સોરઠી દુહાની રમઝટ - ગોકુલદાસ રાયચુરા - મેરુભા ગઢવી, પૃષ્ઠ 03

(53) લોકગુર્જરી - વાર્ષિક અંક - ૦૪, પૃષ્ઠ 49